# જુન ૨૦૧૪

# Most IMP Current Affairs




Crack GPSC

www.crackgpsc.com

# જુન ૨૦૧૪

## We are famous for...

**The Most IMP,**

**Authentic,**

**To the point,**

**Up to date**

## Material

www.crackgpsc.com

www.crackgpsc.com

# Most Imp Current Affairs – June 2014

## ➢ 1st Week

- ✓ બ્રાઝિલની કોર્ટ દ્વારા મહાન ફૂટબોલર પેલેના પુત્ર એડિન્હો ને નશીલા પદાર્થની હેરફેર માટે મની લૉન્ડ્રિંગ કરવા બદલ 33 વર્ષ જેલની સજા કરવામાં આવી.
- ✓ દક્ષિણ આફ્રિકન દેશ મલાવીના વિરોધી પક્ષ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી (DPP) ના ઉમેદવાર પીટર મુથારિકા રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં વિજયી.
- ✓ ભારતીય અને અમેરિકન વૈજ્ઞાનિકોએ ઘણા પ્રકારના નવા માનવ પ્રોટીનની શોધ કરી છે, જેને આજ સુધી જોવામાં આવ્યા નથી અને ક્યાંય તેની ચર્ચા પણ થઇ નથી.
- ✓ સાન્દ્રા બુલોક અને જ્યોર્જ ક્લૂની અભિનીત સાયન્સ ફિક્શન ફિલ્મ 'ગ્રેવિટી' એ ગોલ્ડન ટ્રેલર એવોર્ડ્સનો સર્વશ્રેષ્ઠ ટ્રેલરનો પુરસ્કાર જીત્યો. સાથે જ 'ગ્રેવિટી' ના ટ્રેલરે સર્વશ્રેષ્ઠ થ્રિલર ટ્રેલરનો પુરસ્કાર પણ જીત્યો.
- ✓ યુનિયન પબ્લિક સર્વિસ કમિશને (UPSC) આ વર્ષથી સિવિલ સર્વિસ પરીક્ષાના ઇચ્છુક ઉમેદવારોને પરીક્ષા માટે વધુ બે તકો તેમજ વયમર્યાદામાં છૂટ આપવા જેવા નિયમોમાં નોંધપાત્ર ફેરફાર કર્યાં.
- ✓ ભૂતપૂર્વ સંસદીય કાર્ય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા કમલનાથ ને લોકસભાના હંગામી અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા. સામાન્ય રીતે સૌથી વધુ વાર લોકસભાના સદસ્ય તરીકે ચૂંટાઈને આવનારને પ્રોટેમ સ્પીકર બનાવાય છે.
- ✓ સ્વચ્છતાના ક્ષેત્રે દેશની સૌથી મોટી બિનસરકારી સંસ્થા (NGO) સુલભ ઇન્ટરનેશનલે શૌચક્રિયા માટે ગયેલી મહિલાઓના સામૂહિક બળાત્કાર અને હત્યાથી સમાચારમાં આવેલા ઉત્તરપ્રદેશના બદાયુ જિલ્લાના કટરા ગામના દરેક ઘરમાં શૌચાલય બનાવવાની જાહેરાત કરી.
- ✓ કેન્દ્રિય નાણાં મંત્રી અરુણ જેટલી ને એશિયન ડેવલપમેન્ટ બેંક (ADB) ના બોર્ડ ઓફ ગવર્નર્સમાં ભારતના ગવર્નર તરીકે નિમણૂક કરવામાં આવ્યા. તેમની આ નિમણૂક પી. ચિદમ્બરમના સ્થાને કરવામાં આવી.

www.crackgpsc.com

- ✓ જાન્યુઆરીથી ફેબ્રુઆરી 2015 સુધી કેરળમાં યોજનાર 35 મા રાષ્ટ્રીય ખેલના સદભાવના રાજદૂત તરીકે સચિન તેંદુલકરને જાહેર કરવામાં આવ્યા. રાષ્ટ્રીય ખેલ રાજ્યના સાત શહેરોમાં યોજવામાં આવનાર છે.
- ✓ તેલંગણા દેશનું 29મું રાજ્ય બન્યું. તેલંગણા રાષ્ટ્ર સમિતિના નેતા કે ચંદ્રશેખર રાવ તેલંગણાના પ્રથમ મુખ્યમંત્રી બન્યા. તેમને રાજ્યપાલ ઇ.એસ.એલ. નરસિમ્હને શપથ લેવડાવ્યા. તેલંગણામાં હૈદરાબાદ સહિત 10 જિલ્લા હશે, જ્યારે આંધ્રપ્રદેશમાં 13 જિલ્લા હશે. હૈદરાબાદ આગામી 10 વર્ષ સુધી બંને રાજ્યોની રાજધાની રહેશે.
- ✓ કોલકાતા નાઈટરાઈડર્સે કિંગ્સ ઇલેવન પંજાબ ટીમને હરાવી IPL-7 નો ખિતાબ જીતી લીધો.
- ✓ ભૂસ્તરશાસ્ત્રીઓએ એક અત્યંત મહત્વપૂર્ણ શોધમાં સાબિત કર્યું છે કે મંગળ ગ્રહ પર આવેલા એક વિશાળ જ્વાળામુખીમાં જીવન હતું. મંગળ ગ્રહ પર આવેલો આ જ્વાળામુખી માઉન્ટ એવરેસ્ટથી બેગણો ઊંચો છે અને એક સમયે આ સંપૂર્ણપણે બરફથી છવાયેલો હતો. આ જ્વાળામુખી 'આરસિયા મોન્સ' આપણા સૂર્યમંડળના સૌથી મોટા પર્વતોમાંનો એક છે. જોકે મંગળ ગ્રહ પર આ ત્રીજો સૌથી મોટો પર્વત છે.
- ✓ નાસાની નવી સૌર વેધશાળાએ સૂર્યમાંથી વિશાળ માત્રામાં બહાર નીકળતા સૌર ઉત્સર્જનની શોધ કરી. નાસાના જણાવ્યા અનુસાર આ ઉત્સર્જનના સમયે સૌર પદાર્થો કલાક દીઠ 15 લાખ માઇલની ઝડપથી બહાર ફેંકાયા.
- ✓ નાગાલેન્ડના ગરીફેમા ગામને દેશનું પ્રથમ 'તમાકુ મુક્ત ગામ' જાહેર કરવામાં આવ્યું.
- ✓ નેશનલ ડિફેન્સ કોલેજના કમાન્ડન્ટ તેમજ વાઇસ એડમિરલ સુનિલ લાંબા ભારતીય નૌકાદળના ઉપપ્રમુખ તરીકે નિયુક્ત.
- ✓ કેન્દ્રિય ગ્રામીણ વિકાસ મંત્રી અને મહારાષ્ટ્રમાં ભાજપના OBC નો ચહેરો રહેલા ગોપીનાથ મુંડે નું એક માર્ગ અકસ્માત પછી આઘાત અને હાર્ટ એટેકથી અવસાન.
- ✓ ઉત્તરપ્રદેશ ની સરકાર રાજ્યના દરેક જિલ્લામાં મહિલા હેલ્પલાઇન બનાવશે.
- ✓ ઓસ્ટ્રેલિયા અને ફિલિપાઇન્સના વૈજ્ઞાનિકોએ નિકલ ધાતુ ખાઈ જતાં વૃક્ષની શોધ કરી. આ વૃક્ષ ફિલિપાઇન્સના લુસોન ટાપુ પર ખડકાળ પ્રદેશમાં આવેલા ખાલી મેદાનોમાં જોવા મળેલ છે. આ પ્રદેશની માટીમાં ભારે ધાતુઓ વધારે પ્રમાણમાં છે. તેનું નામ રિનોરેયા નિક્કોલીફેરા છે. આના પાંદડામાં નિકલનું પ્રમાણ સામાન્ય કરતાં હજાર ગણું વધારે હોય છે. નિષ્ણાતોના અનુસાર આ

www.crackgpsc.com

છોડને અન્ય જગ્યાએ ઉગાડવામાં સૌથી મોટો અવરોધ એ છે કે આ છોડ બીજા પર્યાવરણ અને વાતાવરણમાં વિકસિત થતાં નથી, તેમનો વિકાસ અટકી જાય છે.

- ✓ ઇન્ડિયન એર ફોર્સ (IAF)અને ફ્રેન્ચ એર ફોર્સ (FAF) નો દ્વિપક્ષીય અભ્યાસ ગરુડ પંચમ જોધપુર એર બેઝ ખાતે શરૂ કરવામાં આવ્યો. આ શ્રેણીનો પાંચમો દ્વિપક્ષીય વાયુ અભ્યાસ છે.
- ✓ અમેરિકાના રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ ભારતીય મૂળની અમેરિકન શેફાલી રાજદાન દુગ્ગલ ને અમેરિકાના હોલોકોસ્ટ મેમોરિયલ પરિષદની સભ્ય તરીકે નિમણૂક કરી.
- ✓ જાપાનમાં મોબાઈલ ફોન કંપની સોફ્ટબેંક કોર્પ દ્વારા લાગણીઓ અને વાતચીતને સમજવા માટે સક્ષમ એવા વિશ્વના પ્રથમ માનવીય રોબોટ પીપર નું અનાવરણ કરવામાં આવ્યું. પીપર સેન્સરથી જોડાયેલ છે તેના હાથમાં પણ સ્પર્શ સેન્સર લાગેલ છે. તે માણસ સાથે વાતચીત કરી વાતો શીખી શકે છે અને અનુભવોને ઇન્ટરનેટ પર અપલોડ કરી શકે છે અને ક્લાઉડ ડેટાબેઝના માધ્યમથી બીજા પીપર સાથે વહેંચી શકે છે.
- ✓ આઇરિશ લેખક એમિયર મેકબ્રાઈડે પોતાની પ્રથમ નવલકથા ‘અ ગર્લ ઈઝ અ હાફ ફોર્મેડ થિંગ’ માટે 2014 નું ‘બેલીઝ પ્રાઇઝ ફોર ફિક્શન’ જીત્યું.
- ✓ RBI એ મુખ્ય વ્યાજદરોમાં કોઈ ફેરફાર કર્યો નથી. રેપો રેટ 8% અને રિવર્સ રેપો રેટ 7% પર યથાવત. જો કે RBI એ SLR (statutory liquidity ratio) માં 0.5% નો ઘટાડો કર્યો છે, જે પહેલાં 23% હતો.
- ✓ ઓસ્ટ્રેલિયન સંશોધકોએ વિશ્વનું સૌથી સંવેદનશીલ થર્મોમીટર બનાવવાનો દાવો કર્યો છે જે હાલમાં ઉપયોગમાં લેવાતા થર્મોમીટર કરતાં ત્રણ ગણું વધારે સચોટ છે. તે તાપમાન માપવા માટે પ્રકાશનો ઉપયોગ કરે છે.
- ✓ સલાહકાર કંપની એ ટી કેર્ની દ્વારા કરાયેલ સર્વેક્ષણમાં ભારત ‘ફોરેન ડિરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ કોન્ફિડન્સ ઇન્ડેક્સ’ માં દાયકાના સૌથી નીચા સ્તર પર પહોંચી ગયું. અમેરિકા ફોરેન ડિરેક્ટ ઇન્વેસ્ટમેન્ટ માટે સૌથી લોકપ્રિય.
- ✓ બેટ્સમેન વિરાટ કોહલી ને સીએટ વર્ષનો આંતરરાષ્ટ્રીય ક્રિકેટર પુરસ્કાર એનાયત. જ્યારે ભારત તરફથી સૌથી ઓછી ટેસ્ટ મેચમાં 100 વિકેટ લેનારા ઓફ સ્પિનર રવિચંદ્રન અશ્વિન ને 2013-14 માટે વર્ષના ભારતીય ખેલાડીનો પુરસ્કાર મળ્યો.
- ✓ વૈજ્ઞાનિકોએ પ્રયોગશાળામાં સુપરનોવા વિસ્ફોટોને પુન ઉત્પન્ન:કરવા માટે એક લેસર પોઇન્ટરથી 60000 અબજ ઘણા વધુ શક્તિશાળી લેસર કિરણોનો ઉપયોગ કર્યો છે. ઓક્સફર્ડ યુનિવર્સિટીના

www.crackgpsc.com

વૈજ્ઞાનિકોના નેતૃત્વ હેઠળ એક આંતરરાષ્ટ્રીય ટીમે અવકાશમાં સુપરનોવાનો અભ્યાસ કરવાના બદલે પ્રયોગશાળામાં તેનો અભ્યાસ કરવાની પદ્ધતિ તૈયાર કરી છે.

- ✓ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) દ્વારા રજૂ થયેલ તાજેતરની વન ડે ટીમ રેન્કિંગમાં ભારત એક સ્થાન સરકીને ત્રીજા ક્રમે રહ્યું. ઓસ્ટ્રેલિયા ટોચ પર.
- ✓ અમેરીકાની 'હાર્વર્ડ સ્મિથસોનિયન સેન્ટર ફોર એસ્ટ્રોફિઝિક્સ' ના ખગોળશાસ્ત્રીઓએ પૃથ્વીથી 17 ગણું વધારે વજન ધરાવતો અને આકારમાં તેના બમણાથી પણ વધારે મોટો ગ્રહ 'કેપલર-10C' શોધાયો હોવાની જાહેરાત કરી. નાસાના 'કેપલર સ્પેસક્રાફ્ટ' દ્વારા આ ગ્રહ શોધાયો. આ ગ્રહ પૃથ્વીથી નજીક 560 પ્રકાશ વર્ષના અંતરે ડ્રેકો તારામંડળમાં આવેલો છે અને આપણા સૂર્યની આસપાસ 45 દિવસમાં એક ચક્કર પૂર્ણ કરે છે.
- ✓ પૂર્વ વામપંથી વિદ્રોહી નેતા સાલ્વાડોર સાંચેઝ સેરેને અલ સાલ્વાડોરના રાષ્ટ્રપતિ પદની શપથ લીધી. સાંચેઝ ફેરાબુંદો મરતી નેશનલ લિબરેશન ફ્રન્ટ પાર્ટી (FMLN) ના મધ્ય અમેરિકન દેશનું નેતૃત્વ કરનાર પ્રથમ ભૂતપૂર્વ ગોરિલા કમાન્ડર છે.
- ✓ સીરિયાના વર્તમાન રાષ્ટ્રપતિ તેમજ 'બાથ પાર્ટી' ના નેતા બશર અલ અસદે ફરીથી સીરિયાના રાષ્ટ્રપતિ પદની ચૂંટણી જીતી લીધી. તે સતત ત્રીજી વાર સીરિયાના રાષ્ટ્રપતિ પદ માટે ચૂંટાઈ આવ્યા.
- ✓ ભૂતપૂર્વ રેલવે મંત્રી મલ્લિકાર્જુન ખડગેને લોકસભામાં કોંગ્રેસના નેતા નિયુક્ત કરવામાં આવ્યા. લોકસભામાં વિરોધપક્ષના નેતાને કેબિનેટ સ્તરના મંત્રીનો દરજ્જો પ્રાપ્ત થાય છે.




- ✓ 40મું જી-7 શિખર સમ્મેલન 2014, 4 જૂન 2014 થી 5 જૂન 5014 સુધી બ્રસેલ્સ માં યુરોપિયન સંઘ પરિષદના જસ્ટસ લિપસિયસ ભવનમાં યોજવામાં આવ્યું. પ્રથમ વખત સંઘે જી-7 શિખર

www.crackgpsc.com

સમ્મેલનનું આયોજન કર્યું. મૂળભૂત જી-8 શિખર સંમેલનને જૂન 2014 માં સોચી (રશિયા) માં રશિયન અધ્યક્ષતામાં યોજવાનું હતું પરંતુ રશિયન ફેડરેશન દ્વારા યુક્રેનના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના ભંગના કારણે G7 નેતાઓના સમ્મેલનને 4-5 જૂન 2014 ના G7 રૂપે બ્રસેલ્સમાં યોજવાનો નિર્ણય કરવામાં આવ્યો.

- ✓ કેન્દ્રિય કોલસા, વીજળી અને અક્ષય ઊર્જા મંત્રી પિયુષ ગોયલે ગુજરાત સરકારની 'જ્યોતિ ગ્રામ યોજના' નો સમગ્ર દેશમાં અમલ કરવાની જાહેરાત કરી. આ યોજના ગ્રામ્ય વિસ્તારોમાં 24 કલાક સસ્તી અને સુલભ વીજળી પૂરી પાડવા માટેની છે. ગુજરાત સરકારે જ્યોતિ ગ્રામ યોજનાને વર્ષ 2006 માં શરૂ કરી હતી. ગુજરાતમાં આ યોજનાની શરૂઆત તત્કાલીન રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામે કરી હતી.
- ✓ વાઇસ એડમિરલ અનિલ ચોપડા પશ્ચિમી નૌસેના કમાન્ડના 'ચીફ કમાન્ડર' પદે નિયુક્ત. તેઓ વાઇસ એડમિરલ શેખર સિંહાનું સ્થાન લેશે.
- ✓ ચીનના વિદેશ મંત્રી વાંગ યી એ ભારતની નવી સરકાર સાથેની પ્રથમ ઉચ્ચસ્તરીય બેઠકમાં નવી દિલ્હીમાં ભારતીય વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ ને મળ્યા અને વેપાર તેમજ રોકાણ સહિતના પ્રમુખ ક્ષેત્રોમાં સહકાર વધારવાની રીતો પર ચર્ચા કરી.
- ✓ સૌર ઊર્જાથી ચાલતા વિમાન સોલર ઈમ્પલ્સ 2 નું સ્વિટ્ઝર્લેન્ડમાં સફળ પરીક્ષણ કરવામાં આવ્યું. આ વિમાને સતત બે કલાક ઉડાન ભરી. કાર્બન ફાઈબરથી બનેલા સોલર ઈમ્પલ્સ 2 નું વજન 2300 કિલોગ્રામ છે. સોલર સેલ્સની મદદથી આ વિમાનમાં લગાવેલી 633 કિલોગ્રામ વજનની બેટરી ચાર્જ થાય છે, જેનાથી આ વિમાન ચાલે છે. આ વિમાનમાં પાયલોટ ઉપરાંત માત્ર એકજ વ્યક્તિને બેસવાની જગ્યા છે. આ વિમાનની ડિઝાઇન સ્વિટ્ઝર્લેન્ડના પાયલોટ 'એન્ડ્રે બ્રોશબર્ગ' અને 'બર્ટ્રેન્ડ પિકાર્ડે' સંયુક્ત રીતે તૈયાર કર્યુ છે.
- ✓ ભારતીય મૂળના દક્ષિણ આફ્રિકાના ક્રિકેટ ખેલાડી હાશિમ અમલાને દક્ષિણ આફ્રિકા ક્રિકેટ ટીમના ટેસ્ટ કેપ્ટન નિમણૂક કરવામા આવ્યા. તે સાથે જ દક્ષિણ આફ્રિકા ક્રિકેટ ટીમના ટેસ્ટ કેપ્ટન તરીકે નિમણૂક થનાર હાશિમ અમલા ભારતીય મૂળના પ્રથમ ક્રિકેટર બની ગયા. હાશિમ અમલાના પિતા અને દાદા ગુજરાત રાજયના રહેવાસી હતા. વેપારના સંદર્ભમાં તે દક્ષિણ આફ્રિકા ગયા અને ત્યાં જ વસી ગયા અને ત્યાંની નાગરિકતા સ્વીકારી લીધી.

www.crackgpsc.com

- ✓ સુપ્રીમ કોર્ટે મુંબઈ બોમ્બ વિસ્ફોટના દોષી યાકૂબ અબ્દુલ રઝાક ની ફાંસી મોકૂફ રાખી. યાકૂબને 20 વર્ષ સુધી સતત જેલમાં રાખ્યા પછી ફાંસી આપવાને બેવડી સજા બતાવીને સુપ્રીમ કોર્ટમાં પુનઃવિચાર કરવાની અરજી દાખલ કરાવાઈ.
- ✓ એરપોર્ટ કાઉન્સીલ ઇન્ટરનેશનલ (ACI) ની એરપોર્ટ સર્વિસ ક્વોલિટી (ASQ) ના 2.5 થી 4 કરોડ વાર્ષિક મુસાફર વર્ગમાં ઇન્દિરા ગાંધી ઇન્ટરનેશનલ (IGI) એરપોર્ટ દિલ્હી ને સતત ત્રીજા વર્ષે વિશ્વનું બીજું શ્રેષ્ઠ એરપોર્ટ પસંદ કરવામાં આવ્યું છે.
- ✓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ. ની સબ્સિડરી કંપની રિલાયન્સ જીઓ ઇન્ફોકોમ લિમિટેડ ટાવર શેરીંગ માટે અસેન્ડ ટેલીકોમ સાથે કરાર કર્યાં.
- ✓ યુજી નકાતા કોનિકા મિનોલ્ટા ઇન્ડિયાના નવા મેનેજિંગ ડિરેક્ટર નિયુક્ત.
- ✓ ગૂગલ 180 ઉપગ્રહ લોન્ચ કરવાનું આયોજન કરી રહ્યું છે, જેનાથી દરેક પાસે વેબની સુવિધા હશે.
- ✓ યુ.એન. સેક્રેટરી જનરલ બાન કી મૂન દ્વારા જોર્ડનના રાજકુમાર અને જોર્ડનમાં યુ.એન. ના રાજદૂત ઝૈદ રાદ ઝૈદ અલ હુસૈન ને યુનાઇટેડ નેશન્સ હ્યુમન રાઈટ્સ ના હાઈ કમિશનર માટે નોમીનેટ કરવામાં આવ્યા. તેઓ હાલના હ્યુમન રાઇટ્સ હાઇ કમિશનર નવનેથમ પિલ્લેનું સ્થાન લેશે. યુ.એન. ના હ્યુમન રાઇટ્સ હાઇ કમિશનરનો સમયગાળો 4 વર્ષ નો હોય છે.

## ➢ 2nd Week

- ✓ મિસરના ભૂતપૂર્વ સેના અધ્યક્ષ અબ્દેલ ફતહ અલ સીસી ઈજીપ્તના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા.
- ✓ સંશોધકોએ કંબોડિયાના પ્રસિદ્ધ અંગકોરવાટ મંદિર ની દીવાલો પર 500 વર્ષ જૂનાં, છુપાયેલાં ભીંતચિત્રો શોધ્યાં છે. આ ભીંતચિત્ર 500 વર્ષ જૂનાં છે અને તેમાં દેવતાઓ, પશુઓ, હોડીઓ અને મંદિરને પણ દર્શાવાયાં છે.
- ✓ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરનું નામ બદલીને પાકિસ્તાન અધિકૃત જમ્મુ-કશ્મીર કરવાની કેન્દ્ર સરકારની તૈયારી.
- ✓ સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ એડ્વોકેટ રંજીતકુમાર દેશના આગામી સોલિસિટર જનરલ બનશે. કેબિનેટની નિયુક્તિ સમિતિએ કુમારના નામને મંજૂરી આપી છે. કુમાર બંધારણીય કાયદા, સેવા બાબતો અને કરવેરામાં નિષ્ણાત છે.

www.crackgpsc.com

- ✓ એબી ડિવિલિયર્સે સાઉથ આફ્રિકા ક્રિકેટના ચાર પુરસ્કાર જીતી લીધા જેમાં વર્ષ 2014 નો શ્રેષ્ઠ ક્રિકેટરનો પુરસ્કાર સામેલ છે. ડિવિલિયર્સને સાથી ખેલાડીઓના મતના આધારે પ્લેયર્સ પ્લેયર ઓફ ધ યર, વર્ષના સર્વશ્રેષ્ઠ ટેસ્ટ ક્રિકેટર અને સામાન્ય લોકોના મતના આધારે ફેન્સ ક્રિકેટર ઓફ ધ યર પસંદ કરવામાં આવ્યા.
- ✓ ઇન્ડિયન એરફોર્સ (IAF) ની પર્વતારોહણ અભિયાન ટીમે અરુણાચલ પ્રદેશમાં માઉન્ટ ગોરીચેનનું એક મુશ્કેલ શિખર (5587 મીટર) શોધ્યું. ટીમનું નેતૃત્વ વિંગ કમાન્ડર ડી પાંડા એ કર્યું. પૂર્વીય હિમાલયના આ પ્રદેશમાં ભારતીય વાયુ દળનું આ પ્રથમ અભિયાન હતું.
- ✓ ઈસ્ટર્ન એનર્જી કોર્પોરેશનના અધ્યક્ષ અને ફિક્કીના ભૂતપૂર્વ અધ્યક્ષ વાય. કે. મોદી ને દ. એશિયાથી ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશન (ILO) ની સંચાલન સમિતિના નિયોક્તા સભ્ય ચૂંટવામાં આવ્યા.
- ✓ જમ્મુ-કશ્મીર સરકારે કર્મચારીઓની નિવૃત્તિની ઉંમર 58 વર્ષથી વધારીને 60 વર્ષ કરી.
- ✓ ભાજપનાં વરિષ્ઠ નેતા સુમિત્રા મહાજન ને લોકસભાનાં 16 માં સ્પીકર પસંદ કરવામાં આવ્યાં. સુમિત્રા લોકસભાનાં દ્વિતીય મહિલા અધ્યક્ષ છે. તેમની પહેલાં 15 મી લોકસભામાં મીરાકુમાર પ્રથમ મહિલા અધ્યક્ષ ચૂંટાયાં હતાં. સુમિત્રા મહાજન સતત આઠમી વખત મધ્યપ્રદેશના ઇન્દોરથી સાંસદ બનીને આવ્યા છે.
- ✓ ભારત યુનેસ્કોના 'અમૂર્ત સાંસ્કૃતિક વારસાના રક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સમિતિ' (Intergovernmental Committee for the Safeguarding of the Intangible Cultural Heritage) ના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યું. આ સમિતિના હાલમાં 24 સભ્યો છે, તેમને ચાર વર્ષ ની મુદત માટે ચૂંટવામાં આવે છે. સમિતિનું મુખ્ય કાર્ય અમૂર્ત (Intangible) સાંસ્કૃતિક વારસાના મહત્વ પ્રત્યે દરેક સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિ વધારવાનું છે.
- ✓ સામ પિત્રોડા એ જનસૂચના-સંરચના તેમજ નવીન બાબતો માટે વડાપ્રધાનના સલાહકાર અને રાષ્ટ્રીય નવાચાર પરિષદ (National Innovation Council) ના અધ્યક્ષ પદથી રાજીનામું આપ્યું. તેઓ ભારતીય દૂરસંચાર વિભાગ (India´s Telecom Commission) ના પ્રથમ તેમજ સંસ્થાપક અધ્યક્ષ હતા.
- ✓ અમેરિકના નવા વચગાળાના રાજદૂત કેથલીન સ્ટીફેન્સે અમેરિકન દૂતાવાસમાં પોતાનો કાર્યભાર સંભાળ્યો.
- ✓ મોબાઈલ હેન્ડસેટ કંપની માઈક્રોમેક્સે ભારતી એરટેલના ભૂતપૂર્વ મુખ્ય કાર્યકારી અધિકારી સંજય કપૂર ને પોતાના ચેરમેન નિયુક્ત કર્યા.

www.crackgpsc.com

- ✓ કવિ અને ગીતકાર ગુલઝાર દ્વારા લખાયેલ પુસ્તક 'ગ્રીન પોયમ્સ' નું વિમોચન પટનામાં કરવામાં આવ્યું.
- ✓ નોર્થ ઝોને સાઉથ ઝોનને હરાવી 37મી જેકે બોસ અખિલ ભારતીય ક્રિકેટ ટુર્નામેન્ટનો ખિતાબ જીતી લીધો.
- ✓ કુડનકુલમ ન્યુક્લિયર પાવર પ્લાન્ટ 1000 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરનાર ભારતનો પ્રથમ પરમાણુ પ્લાન્ટ બન્યો. કુડનકુલમના ન્યુક્લિયર પાવર પ્લાન્ટનું પ્રથમ યુનિટ પોતાની સંપૂર્ણ ક્ષમતા સુધી પહોંચી ગયો. કુડનકુલમ પહેલાં ગુજરાતનો ટાટા મુંદ્રા પ્રોજેક્ટ 800 મેગાવોટ વીજળીની ક્ષમતા સાથે સૌથી મોટો ઉત્પાદન એકમ હતો. કુડનકુલમની યોજના સૌપ્રથમ વર્ષ 1988 માં તૈયાર કરવામાં આવી હતી. આ દેશનું 21મું ન્યુક્લિયર પાવર રિએક્ટર છે અને દેશની લાઇટ વોટર રીએક્ટર શ્રેણીનું પ્રથમ પ્રેસરાઇઝ્ડ વોટર રીએક્ટર છે. KNPP યુનિટ અન્ય એક 2 VVER-1000 ટાઈપ રીએક્ટર તામિલનાડુના કુડનકુલમમાં રશિયન ફેડરેશનના ટેકનિકલ સહયોગથી સ્થાપિત કરવામાં આવ્યું છે.
- ✓ ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ કેપ્ટન સૌરવ ગાંગુલી ક્રિકેટ બાબતોના નિષ્ણાત તરીકે IPL સ્પોટ ફિક્સિંગ માટે બનેલી મુદગલ સમિતિમાં જોડાયા. ન્યાયાધીશ (નિવૃત્ત) મુકુલ મુદગલ ના નેતૃત્વમાં મુદગલ સમિતિ IPL 2013 સત્રની સટ્ટાબાજી અને સ્પોટ ફિક્સિંગના કૌભાંડોની તપાસ કરી રહી છે. સુપ્રીમ કોર્ટે ઓક્ટોબર 2013 માં IPL ના સત્ર દરમિયાન ફિક્સિંગના આરોપોની તપાસ કરવા માટે આ સમિતિની રચના કરી હતી.
- ✓ બ્રાઝિલના ભૂતપૂર્વ સ્ટ્રાઈકર ફર્નાન્ડો લુસિયો દ કોસ્ટાનું બ્રાઝિલમાં એક હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ થયું.
- ✓ વિદેશમાં કારકિર્દી બનાવવા ઇચ્છતા વ્યવસાયિકોએ એશિયામાં સિંગાપુર ને સર્વશ્રેષ્ઠ સ્થાન માન્યું છે. હાઇડ્રોજન ગ્રુપ દ્વારા કરાયેલા સર્વેક્ષણ મુજબ કારકિર્દી બનાવવાના સંદર્ભમાં અમેરિકા વિશ્વનો સૌથી ટોચનો દેશ છે તો તેના પછી બ્રિટન અને ઓસ્ટ્રેલિયાનું સ્થાન છે.
- ✓ મહિન્દ્રા ગ્રુપના ચેરમેન આનંદ મહિન્દ્રા હાવર્ડ યુનિવર્સિટીના ખ્યાતનામ એવા હાવર્ડ મેડલ મેળવનારા પ્રથમ ભારતીય બન્યા. આનંદ મહિન્દ્રાને યુનિવર્સિટી પ્રત્યેની તેમની સમર્પિતતા અને સેવા માટે આ મેડલ મળ્યો છે.

www.crackgpsc.com

- ધ નેશનલ એકેડમી ઓફ એગ્રિકલ્ચર સાયન્સિસ (NAAS) દ્વારા ફેબ્રુઆરી 3-6, 2015 ના દિવસે નેશનલ ડેરી રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ (NDRI), કરનાલ માં 12મા કૃષિ વિજ્ઞાન કોંગ્રેસનું આયોજન થશે. 2014 'પારિવારિક કૃષિ' નું વર્ષ છે.
- કોરિયા ના વૈજ્ઞાનિકોએ પૃથ્વી પર સૌથી ઝડપી વ્યક્તિ ઉસૈન બોલ્ટથી ઝડપી દોડવાવાળો રોબોટ રેપ્ટર વિકસાવ્યો. રોબોટ રેપ્ટરને કોરિયા એડ્વાન્સડ ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી (KAIST) માં કોરિયાના વૈજ્ઞાનિકો દ્વારા વિકસાવવામાં આવ્યો છે.
- ઓસ્ટ્રેલિયન કેપ્ટન માઈકલ ક્લાર્ક ને વિશ્વની પ્રથમ ક્રમની ટેસ્ટ ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે રિલાયન્સ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (ICC) ટેસ્ટ મેસ (ગદા) આપવામાં આવી. ICC ટેસ્ટ મેસ એક પ્રતિષ્ઠિત ક્રિકેટ ટ્રોફી છે જે ટેસ્ટ ક્રિકેટમાં નં. 1 ટીમને ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ દ્વારા આપવામાં આવે છે.
- પ્રોફેસર નિતેશ સક્સેનાના નેતૃત્વ હેઠળ સંશોધકો એક એવું લોગ-ઈન પ્રોટેક્શન તૈયાર કરી રહ્યા છે જે પાસવર્ડના ઉપયોગની જરૂરિયાતને દૂર કરશે. કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટના એસોસિએટ પ્રોફેસર નિતેશ સક્સેનાની આગેવાનીમાં બર્મિંઘમની અલાબામા વિશ્વવિદ્યાલયના નિષ્ણાત (University of Alabama at Birmingham) સુરક્ષિત લોગ-ઈન પ્રોટેક્શન તરીકે ઝીરો ઇન્ટરેક્શન ઓથેન્ટિકેશન પર કામ કરી રહ્યા છે. ઝીરો ઇન્ટરેક્શન ઓથેન્ટિકેશનથી પાસવર્ડની જરૂરિયાત નહીં રહે, સાથે જ સુરક્ષા જોખમ પણ નાબૂદ થઈ જશે.
- સત્તા મેળવ્યાના થોડા જ દિવસો પછી મોદી સરકારે નક્સલ વિભાગનું નામ બદલીને વામપંથી ઉગ્રવાદ વિભાગ રાખવાનો નિર્ણય લીધો છે.
- વૈજ્ઞાનિકોને આ સિદ્ધાંતને ટેકો આપવા માટે પુરાવા મળ્યા છે કે પૃથ્વી અને ગ્રહના આકારના રહસ્યમય પિંડ વચ્ચે લગભગ 4.5 અબજ વર્ષ પહેલા થયેલી તીવ્ર અથડામણથી ચંદ્રનું નિર્માણ થયું હતું. મોટા ભાગના ખગોળશાસ્ત્રીઓનું માનવું છે કે ચંદ્રનું નિર્માણ પૃથ્વી અને ગ્રહ આકારના એક પદાર્થ વચ્ચે થયેલી અથડામણનું પરિણામ છે જેને થિયા નામ આપવામાં આવ્યું છે.
- ICICI બેંકના કર્મચારીઓની સંખ્યા ગત નાણાકીય વર્ષે લગભગ 10000 વધીને 72000 થી વધુ થઇ ગઈ છે. આ રીતે ICICI બેંક ખાનગી ક્ષેત્રની સૌથી મોટી એમ્પ્લોયર બેંક બની ગઈ છે. ICICI બેંકે ખાનગી ક્ષેત્રની બેંકોમાં કર્મચારીઓની સંખ્યાની દ્રષ્ટિએ HDFC બેંકને પાછળ કરી દીધી.
- નરેન્દ્ર મોદી સરકાર દેશમાં આરોગ્યપ્રદ પરિસ્થિતિઓ સુધારવા માટે એક નવું મિશન શરૂ કરશે અને આ મિશન મહાત્મા ગાંધીની 150મી જયંતિ પર તેમને શ્રદ્ધાંજલિના રૂપે હશે.

www.crackgpsc.com

- ✓ વિશ્વની સાત અજાયબીઓમાંના એક તાજમહેલમાં પીળા પડી રહેલ સફેદ આરસપહાણની કુદરતી ચમકને પાછી લાવવા માટે 'મડ પેક' નુસખો અજમાવવામાં આવશે.
- ✓ ફિરોઝખાન ને નેશનલ મ્યુઝિક એન્ડ ડ્રામા એકેડેમી દિલ્હી તરફથી ઉસ્તાદ બિસ્મિલ્લાહખાન યુવા પુરસ્કાર માટે પસંદ કરવામાં આવ્યા.
- ✓ રિલાયન્સ કમ્યુનિકેશન્સે (RCOM) 'એક ભારત એક દર' રોમિંગ યોજના શરૂ કરી. આ યોજના અંતર્ગત ગ્રાહકોને દેશમાં કોઈ પણ સ્થાનિક, STD તેમજ રોમિંગ કોલ્સ માટે એક જ દર ચૂકવવાનો રહેશે.
- ✓ પેટ્રો પોરોશેનકો એ કિવમાં યુક્રેનના રાષ્ટ્રપતિ પદની શપથ લીધી. પેટ્રો પોરોશેનકો રોશેન ચોકલેટ ગ્રુપ ના માલિક છે. તેમણે વર્ષ 2001 માં સોલીડરીટી પોલીટેકનિક રાજકીય પક્ષ બનાવ્યો અને પછીથી ઓલ યુક્રેનિયન યુનિયન સોલીડરીટીનું નામ આપ્યું.
- ✓ ભારતે 290 કિલોમીટરના અંતર સુધી માર કરી શકે તેવી જહાજ ભેદી સુપરસોનિક ક્રૂઝ મિસાઇલ બ્રહ્મોસનું કર્ણાટકના કારવાડ તટની નજીક દેશના સૌથી મોટા અને દેશમાં જ બનેલા યુદ્ધજહાજ INS કોલકાતા થી સફળ પરીક્ષણ કર્યું.
- ✓ ભારતીય મૂળના સુનિલ ચોપડા ને બ્રિટનના 'લંડન બરો ઓફ સાઉથવાર્ક' ના મેયર નિમવામાં આવ્યા. આ પદ મેળવનારા સુનિલ ચોપડા ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ છે. ચોપડા લંડનમાં ઇન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના મહાસચિવ છે અને 'લંડન બરો ઓફ સાઉથવાર્ક' માં પસંદ થયેલા એક માત્ર ભારતીય છે. ગયા વર્ષે (2013-14) માટે તેમને 'લંડન બરો ઓફ સાઉથવાર્ક' ના નાયબ મેયર ચૂંટવામાં આવ્યા હતા.
- ✓ તેલુગુ દેશમ પાર્ટી (TDP) ના અધ્યક્ષ એન. ચંદ્રબાબુ નાયડુ નવા આંધ્રપ્રદેશના પ્રથમ મુખ્યમંત્રી બન્યા. નાયડુ આ પહેલા 1995 થી 2004 સુધી સંયુક્ત આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. આંધ્રપ્રદેશના રાજ્યપાલ ઇ.એસ.એલ. નરસિમ્હન છે.
- ✓ ભૂતપૂર્વ કૃષિ સચિવ પી. કે. મિશ્રા ને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધિક પ્રધાન સચિવ નીમવામાં આવ્યા. મિશ્રા ગુજરાત કેડરના 1972 બેચના નિવૃત્ત IAS અધિકારી છે.
- ✓ ભારતમાં ઇન્ટરનેટ વપરાશકર્તાઓની સંખ્યા 2018 સુધી વધીને બે ગણી કરતાં વધારે 52.6 કરોડ થઈ જશે. ઇન્ટરનેટ વાપરતા લોકોની સંખ્યામાં ભારતનો નંબર ચીન અને અમેરિકા પછી આવે છે.

www.crackgpsc.com

- ✓ બ્રાઝિલમાં શરૂ થઈ રહેલા વિશ્વ કપ ફૂટબોલમાં સ્પેનના નવોદિત સ્ટાર જેસી રોદ્રિગેઝ ગૂગલ પર સૌથી વધુ લોકપ્રિય ખેલાડી છે. રોદ્રિગેઝે તુર્કીમાં થયેલા અંડર 20 વિશ્વ કપમાં સૌથી વધુ ગોલ કરનારની યાદીમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યુ છે.
- ✓ નાગરિકોમાં નિષ્ઠા અને દેશ સેવાની ભાવના વધારવા માટે યુનાઈટેડ આરબ અમીરાત (UAE) સરકારે એક નવા કાયદા દ્વારા દેશના 18 થી 30 વર્ષની ઉંમરના તમામ વયસ્ક પુરુષ નાગરિકો માટે લશ્કરી સેવા ફરજિયાત કરી.
- ✓ મધ્ય પ્રદેશ રાજ્ય સરકારે માધુરી દીક્ષિત ને માતૃ અને બાળ આરોગ્ય ઝુંબેશના મમતા અભિયાનની બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કરી.
- ✓ સ્પેનિશ સ્ટાર રાફેલ નડાલે પેરિસમાં નવમો ફ્રેન્ચ ખિતાબ જીતવા સાથે ATP વિશ્વ ટેનિસ રેન્કિંગમાં ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે, જ્યારે રશિયન સ્ટાર મારિયા શારાપોવા બીજી રોલેન્ડ ગેરો ટ્રોફી જીતી પાંચમા સ્થાને પહોંચી ગઈ છે.
- ✓ એરોનોટિકલ સોસાયટી ઓફ ઈન્ડિયા (ASI) દ્વારા વર્ષ 2013 નો 'ભારત રત્ન જે.આર.ડી. ટાટા પુરસ્કાર' એરપોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (AAI) ના સભ્ય વી. સોમાસુંદરમ (એર નેવિગેશન સર્વિસીઝ) ને આપવામાં આવ્યો. આ પુરસ્કાર સોમાસુંદરમને એરોનોટિકલ એરસ્પેસ વિજ્ઞાન ક્ષેત્રે સુરક્ષા, ક્ષમતા અને એર સ્પેસની ક્ષમતા વિસ્તારના ક્ષેત્રમાં કરવામાં આવેલા તેમના ઉત્તમ કાર્ય માટે આપવામાં આવ્યો.
- ✓ ભૂટાનના રાજદૂત મેજર જનરલ વેત્સોપ નામગ્યેલે માનનીય માનવ સંસાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની સાથે મુલાકાત કરી.
- ✓ આર્જેન્ટીનાએ પ્રથમ વખત વિશ્વ કપ હોકીના સેમિફાઇનલમાં પહોંચી ઇતિહાસ સર્જ્યો, હાલનું ઓલમ્પિક ચેમ્પિયન જર્મની સેમિફાઇનલની સ્પર્ધામાંથી બહાર.



www.crackgpsc.com

- ✓ ઈઝરાયેલની સાંસદે 'લિખુડ પાર્ટી'ના વરિષ્ઠ સાંસદ રુવેન રિવલિન ને ઇઝરાયેલના રાષ્ટ્રપતિ ચૂંટ્યા. તે ઈઝરાયેલના વર્તમાન રાષ્ટ્રપતિ શિમોન પેરેઝનું સ્થાન લેશે. રિવલિન 24 જુલાઇ 2014 ના દિવસે ઈઝરાયેલના 10મા રાષ્ટ્રપતિ તરીકે પદ અને ગુપ્તતાના શપથ લેશે.
- ✓ ફિલ્મ અભિનેતા દિલીપકુમાર ના જીવનચરિત્ર 'સબસ્ટેન્સ એન્ડ શેડો' નું વિમોચન થયું. દિલીપકુમારના કૌટુંબિક મિત્ર ઉદય તારા નાયર દ્વારા લખાયેલ આ પુસ્તકનું, ફિલ્મ અભિનેતા આમિરખાન અને અમિતાભ બચ્ચને સંયુક્ત રીતે લોકાર્પણ કર્યું.
- ✓ મિસ નેવેદા નિયા સાંચેઝે મિસ USA 2014 નો ખિતાબ જીત્યો.
- ✓ તેલંગણા રાષ્ટ્ર સમિતિ (TRS) ના શ્રીકોંડા મધુસુદન ચારી તેલંગણા વિધાનસભાના પ્રથમ સ્પીકર નિયુક્ત થયા. રાજ્ય વિધાનસભાના સ્પીકર લોકસભાના સ્પીકર સમાન હોય છે અને રાજ્ય વિધાનસભામાં સ્પીકરની ભૂમિકા એજ ભૂમિકા હોય છે જે લોકસભામાં હોય છે.
- ✓ બીજા વિશ્વ યુદ્ધના નવાજો કોડમાં વાત કરનાર અંતિમ વ્યક્તિ ચેસ્ટર નેઝનું અવસાન થયું. તેઓ એ 29 નવાજોમાંથી એક હતા જેમણે ક્યારેય તોડી ના શકાય તેવો કોડ બનાવ્યો હતો જેને કોઈ પણ વ્યક્તિ હજુ સુધી તોડી શક્યું નથી.

## ➢ 3rd Week

- ✓ રાફેલ નડાલે સર્બિયાના નોવાક જોકોવીચને હરાવી નવમી વખત ફ્રેન્ચ ઓપન અને કારકિર્દીનો 14મો ગ્રાન્ડસ્લેમ ખિતાબ જીત્યો.
- ✓ મારિયા શારાપોવા એ સિમોના હાલેપને હરાવી બીજી વાર ફ્રેન્ચ ઓપન ખિતાબ જીત્યો.

- **ફ્રેન્ચ ઓપન-2014 ટેનિસ ટુર્નામેન્ટ**
- પુરૂષ એકલ: વિજેતા - રાફેલ નડાલ (સ્પેન), ઉપવિજેતા - નોવાક જોકોવિચ (સર્બિયા)
- મહિલા એકલ: વિજેતા - મારિયા શારાપોવા (રશિયા), ઉ.વિ. - સિમોના હાલેપ (રોમાનિયા)
- પુરૂષ યુગલ: વિજેતા - જુલેન બેન્નેતેઉ (ફ્રાન્સ) + ઇડવર્ડ રોજર વેસેલીન (ફ્રાન્સ), ઉ.વિ. - માર્કેલ ગ્રાનોલર (સ્પેન) + માર્ક લોપેઝ (સ્પેન)

www.crackgpsc.com

- મહિલા યુગલ: વિજેતા - સુ-વી હસીહ (તાઇવાન) + શુઈ પેંગ (ચીન), ઉ.વિ. - સારા ઈરાની (ઈટાલી) + રોબેર્ટા વિંકી (ઈટાલી)
- મિશ્ર (સંયુક્ત) યુગલ: વિજેતા - એનાલેના ગ્રોનફેલ્ડ (જર્મની) + જેન જુલિયન રોજર(નેધરલેન્ડ), ઉ.વિ. - જુલિયા જ્યોર્જસ (જર્મની) + નેનાદ જીમોંજિક (સર્બિયા)

✓ કેનેડાનો ક્યુબેક પ્રાંત રાઇટ-ટુ-ડાઈ કાયદો સ્વીકારનાર પ્રથમ પ્રાંત બન્યો જ્યાં એક મરણાસન્ન રોગીને ડોક્ટરની મદદથી પોતાને મારી નાખવાની મંજૂરી મળે છે. ૪ દેશોમાં ઇચ્છામૃત્યુ કાયદાકીય રીતે માન્ય છે: નેધરલેન્ડ, બેલ્જિયમ, લક્ઝમબર્ગ.

✓ લિથુઆનિયા 1 જાન્યુઆરી 2015 થી ચલણ તરીકે યુરોને અપનાવનારો 19મો દેશ બની જશે. યુરોમાં જોડાવા માટે કોઈ પણ દેશે આ શરતો પૂરી કરવાની હોય છે- (1) સરકારી દેવું ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) ના 60% થી વધારે ન હોવું જોઈએ. (2) બજેટ ખોટ GDPના 3 ટકાથી ઓછી હોવી જોઈએ. (3) ફુગાવો અને વ્યાજ દર ઓછા હોવા જોઈએ. (4) યુરોની સરખામણીએ દેશનું પોતાનું ચલણ સ્થાયી હોવું જોઈએ. યુરોપિયન સંઘના 18 સભ્ય દેશો જે મળીને યુરો ઝોનનું નિર્માણ કરે છે, માં ચાલી રહેલ એક ચલણ છે યુરો. વર્ષ 1999 માં યુરોની શરૂઆત યુરોપિયન એકીકરણમાં એક ખૂબ મોટું પગલું હતું.

✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2014 ફિફા વર્લ્ડ કપ સ્મારક પોસ્ટ ટિકિટ રજૂ કરી.

✓ અમેરીકામાં આવેલા બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપ (BCG) દ્વારા 'વૈશ્વિક સંપત્તિ વ્યવસ્થાપન ઉદ્યોગ' પર રજૂ થયેલા વાર્ષિક અહેવાલ (રાઇડિંગ અ વેબ ઓફ ગ્રોથ: ગ્લોબલ વેલ્થ 2014) માં ભારત કરોડપતિઓની બાબતે વિશ્વમાં 15મા ક્રમે. રિપોર્ટમાં અમેરિકા પ્રથમ, ચીન દ્વિતીય અને જાપાન તૃતીય સ્થાને છે.

✓ કોલકાતા એરપોર્ટ એશિયા પેસિફિક ક્ષેત્રમાં શ્રેષ્ઠ એરપોર્ટની શ્રેણીમાં એરપોર્ટ કાઉન્સિલ ઇન્ટરનેશનલ (ACI) દ્વારા એરપોર્ટ સર્વિસ ક્વોલિટી (ASQ) પુરસ્કાર જીત્યો. આ શ્રેણીમાં તે એરપોર્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે જે એરપોર્ટે વર્ષ 2012 અને 2013 ની વચ્ચે ASQ રેટિંગ સૌથી મોટો સુધારો કર્યો છે.

✓ વરિષ્ઠ એડ્વોકેટ મુકુલ રોહતગી ત્રણ વર્ષના સમયગાળા માટે એટર્ની જનરલ ઓફ ઈન્ડિયા તરીકે નિયુક્ત.

www.crackgpsc.com

- કેન્દ્રિય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 'ધ પ્રાઇસ વી પે' નામનો ચાર મિનિટનો એક વિડીયો રજૂ કર્યો. તેમાં તમાકુના સેવનથી આરોગ્ય અને આર્થિક સ્થિતિ પર પડતી અસરો રજૂ કરાઈ છે. ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે (GATS-ઈન્ડિયા) અનુસાર ભારતમાં 27.5 કરોડ લોકો તમાકુનું સેવન કરે છે.
- વાયુ પ્રદૂષણ રોકવા માટે યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયાની સંશોધન ટીમે ટાઈટેનિયમ ડાયોક્સાઈડથી એવી ટાઇલ્સ વિકસાવવામાં સફળતા મેળવી જેને છત પર લગાવવાથી આસપાસની હવા સ્વચ્છ થશે. સંશોધકોએ ગણતરી કરી હતી કે તેમના ટાઈટેનિયમ ડાયોક્સાઈડના મિશ્રણને એક મિલિયન છત પર લગાવવામાં આવે તો તેનાથી રોજનો 21 ટન નાઇટ્રોજન ઓક્સાઈડ ઓછો કરી શકાય છે. આ ટાઈલ્સને પોતાની છત પર લગાવવા માટે માત્ર 5 અમેરિકન ડોલર ખર્ચ કરવો પડશે.
- વિશાલ સિક્કા સૉફ્ટવેર કંપની ઈન્ફોસિસના નવા ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (CEO) સહ મેનેજિંગ ડિરેક્ટર (MD) નિયુક્ત. તે ઈન્ફોસિસના વર્તમાન CEO એસ.ડી. શિબુલાલનું સ્થાન લેશે. હાલમાં વિશાલ સિક્કા ઈન્ફોસિસના એક્ઝિક્યુટિવ બોર્ડના સભ્ય છે. ઈન્ફોસિસના CEO તરીકે તે 1 ઓગસ્ટ 2014 ના દિવસે પદભાર સંભાળશે.
- સુનિલ દત્ત રિલાયન્સ જીઓ ઇન્ફોકોમના ચેરમેન નિયુક્ત થયા. તે બ્લેકબેરી ઈન્ડિયાના વર્ષ 2013 સુધી મેનેજિંગ ડિરેક્ટર હતાં. તે સેમસંગ ઈન્ડિયા ઇલેક્ટ્રોનિક્સના પણ પ્રમુખ હતા. રિલાયન્સ જીઓ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની સંપૂર્ણ માલીકીની પેટા કંપની છે અને તે મુકેશ અંબાણી દ્વારા નિયંત્રિત છે. રિલાયન્સ જીઓ શિક્ષણ, સ્વાસ્થ્ય સુરક્ષા, નાણાંકીય સેવાઓ, સરકાર નાગરિક સંયોજન અને મનોરંજન જેવા ક્ષેત્રોમાં હાઇ સ્પીડ ઇન્ટરનેટ, સારી સંચાર સેવાઓ અને વિવિધ ડિજિટલ સેવાઓ પૂરી પાડવા માટે 4G વાયરલેસ સેવા અને અખિલ ભારતીય ટેલિકોમ નેટવર્ક સ્થાપિત કરી રહી છે.
- ગૂગલે 500 મિલિયન અમેરિકન ડોલરમાં સેટેલાઈટ ફર્મ સ્કાયબોક્સ ઈમેજિંગ ખરીદ્યું. આ સોદા અંતર્ગત ગૂગલની ઓનલાઈન મેપિંગ સર્વિસ માટે ઇમેજ પ્રાપ્ત થશે. ગૂગલે એપ્રિલ 2014 માં ટાઇટન એરોસ્પેસને હસ્તગત કરી હતી. ગૂગલે દક્ષિણ ગોળાર્ધ પર ઇન્ટરનેટનો વપરાશ પૂરો કરવા માટે બલૂનના એક નાના નેટવર્કની શરૂઆત કરી. સર્ચ એન્જિન પ્રધાન અને ફેસબુક જેવી અન્ય ટેક્નોલૉજી કંપનીઓ હાલમાં બલૂન અને ઉપગ્રહોના માધ્યમથી વિશ્વ સ્તરે ઇન્ટરનેટ વપરાશ સુધારવાના પ્રયત્નોમાં રોકાયેલી છે. સ્કાયબોક્સે ડિસેમ્બર 2014 માં પોતાનો પ્રથમ

www.crackgpsc.com

હાઇ રિઝોલ્યુશન ઉપગ્રહ સ્કાયસેટ અવકાશમાં સ્થાપિત કર્યો હતો. સ્કાયબોક્સ પિક્સેલ દીઠ 1 મી. વીડિયો ઇમેજ અને ફોટો ઉપલબ્ધ કરાવી શકે છે. ત્યાં સુધી કે રસ્તા પર ચાલતી એક કારને પણ ટ્રેક કરી શકે છે. આ એક દિવસમાં પૃથ્વીનું 16 વાર ચક્કર લગાવી શકે છે. સ્કાયબોક્સ કુલ 24 ઉપગ્રહોને લોન્ચ કરવાની તૈયારીમાં છે.

- ✓ તમિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાએ રાજ્ય ઉદ્યોગ વિભાગ અંતર્ગત તમિલનાડુ સોલ્ટ કોર્પોરેશન લિમિટેડ (TNSC) ના એક ઉત્પાદન 'અમ્મા નમક' ની શરૂઆત કરી. 'અમ્મા નમક' શરૂ થયા પહેલા રાજયમાં સામાજિક કલ્યાણ યોજના હેઠળ મુખ્યમંત્રીએ ઓછા દરે ખોરાક આપવા માટે 'અમ્મા કેન્ટીન' નામથી ઓછા ભાવ (રાહત દર) ના ઉપાહારગૃહની શરૂઆત કરી હતી. જયલલિતાએ અમ્મા નામથી લિટર દીઠ 10 રૂપિયાના પીવાના પાણીના પેકેજની પણ શરૂઆત કરી હતી.
- ✓ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોની ફોર્બ્સના સૌથી ધનિક 100 ખેલાડીઓની યાદીમાં એકમાત્ર ભારતીય છે. યાદીમાં અમેરિકન બોક્સર ફ્લોયડ મેવેધર ટોચ પર છે. રોનાલ્ડોની કુલ આવક 8 કરોડ ડોલર છે અને તે બીજા સ્થાને છે. અમેરિકન બાસ્કેટબોલ ખેલાડી લેબ્રોન જેમ્સ ત્રીજા, આર્જેન્ટીનાના ફૂટબોલર લિયોનેલ મેસી ચોથા ક્રમે અને વૂડ્સ છઠ્ઠા ક્રમે છે.
- ✓ ઇન્ટરનેશનલ શૂટિંગ સ્પોર્ટ ફેડરેશન (ISSF) દ્વારા મ્યુનિચ (જર્મની) માં આયોજિત 'ISSF વિશ્વ કપ 2014' માં ભારતીય નિશાનેબાજ જીતુ રાયે સિલ્વર મેડલ જીત્યો. પુરૂષ એર પિસ્ટલ વર્ગની 10 મીટર સ્પર્ધામાં સ્પેનના પાબ્લો કારેરાએ ગોલ્ડ મેડલ જીત્યો.
- ✓ ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશને (ઇસરો) મંગળના વર્ગમાં આવેલા આપણાં અવકાશયાન પર ટ્રેજેક્ટરી કરેક્શન મેનુવર-2 નું પરીક્ષણ કર્યું.
- ✓ યુગાન્ડાના વિદેશ મંત્રી સેમ કહામ્બા કુતેસા (Sam Kahamba Kutesa) ને સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના અધ્યક્ષ તરીકે ચૂંટવામાં આવ્યાં. તે સપ્ટેમ્બર, 2014 માં યોજાનારી 69મી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનું નેતૃત્વ કરશે. યુએન જનરલ એસેમ્બલીના અધ્યક્ષનો સમયગાળો એક વર્ષનો હોય છે. સેમ કહામ્બા કુતેસા આફ્રિકન દેશોના સમૂહ દ્વારા 69મા સંયુક્ત રાષ્ટ્ર મહાસભા માટે નામાંકિત થયેલા એક માત્ર ઉમેદવાર હતા. અત્યાર સુધી એકમાત્ર ભારતીય વિજયા લક્ષ્મી પંડીતે 8મી સંયુક્ત રાષ્ટ્ર મહાસભા (વર્ષ 1953) ની આગેવાની કરી હતી.
- ✓ યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA): સંયુક્ત રાષ્ટ્રસંઘનો સૌથી મોટો એકમ છે. તેમાં સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્ય રાષ્ટ્રોનું પ્રતિનિધિત્વ થાય છે. મહાસભા સંયુક્ત રાષ્ટ્રના ઘોષણા

www.crackgpsc.com

પત્રમાં આવરી લેવાયેલા તમામ વિષયો પર અને સંયુક્ત રાષ્ટ્રના વિવિધ અંગોના કાર્યક્રમમાં આવનાર પ્રશ્નો પર વિચાર કરે છે. આ સભાનું દર વર્ષે તમામ સભ્ય દેશોના પ્રતિનિધિઓ સાથે સંમેલન થાય છે. આ પ્રતિનિધિઓમાંથી એકને અધ્યક્ષ ચૂંટવામાં આવે છે, જે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાનું નેતૃત્વ કરે છે.

- ✓ બ્રાઝિલના ડિફેન્ડર માર્સેલો ના નામે ફિફા ફૂટબોલ વિશ્વ કપમાં 'આત્મઘાતી ગોલ કરનાર પ્રથમ બ્રાઝિલિયન ફૂટબોલર' બનવાનો બદનામ રેકોર્ડ જોડાઈ ગયો છે.
- ✓ ભાજપ નેતા અમિત શાહ ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના નિર્વિરોધ અધ્યક્ષ તરીકે ચૂંટાયા. નરેન્દ્ર મોદીના રાજીનામા પછી આ પદ ખાલી હતું. મોદીએ વડાપ્રધાન બન્યા પછી આ પદ છોડ્યું હતું.
- ✓ રાષ્ટ્રીય પ્રાણી વાઘના સંરક્ષણ માટે ઉત્તરપ્રદેશ સરકારે 'પીલીભીત' ને ટાઇગર રિઝર્વનો દરજ્જો આપ્યો. દુધવા વાઘ અભયારણ્ય અને અમાનગઢ અભયારણ્ય પછી આ પ્રદેશનું ત્રીજું અને દેશનું 45મું ટાઇગર રીઝર્વ બનશે.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ INS વિક્રમાદિત્ય યુદ્ધજહાજ નું વિધિવત ઉદઘાટન કર્યું. તેની લંબાઈ 284 મીટર અને પહોળાઈ 60 મીટર છે, જેમાં ત્રણ ફૂટબોલ મેદાન સમાઈ શકે છે. 20 માળનું આ યુદ્ધજહાજ એક તરતા શહેર જેવુ છે, જ્યાં દર મહિને એક લાખ ઈંડા અને 20 હજાર લિટર દૂધની વપરાશ છે. INS વિક્રમાદિત્યનું મૂળ સ્વરૂપે રશિયન નામ એડમિરલ ગોર્શકોવ હતું. INS વિક્રમાદિત્ય ભારતીય નૌસેનાનું એક યુદ્ધજહાજ છે. આ ભારતીય નૌસેનામાં INS વિરાટ પછી બીજું વિમાનવાહક જહાજ છે. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં તે સમયના સંરક્ષણ મંત્રી એ. કે. એન્ટોનીની હાજરીમાં જહાજનું જલાવતરણ કરાયું હતું.
- ✓ અન્ન અને ખોરાક વિશે યુરોપીયન યુનિયનની રેપિડ એલર્ટ સિસ્ટમ ફોર ફૂડ એન્ડ ફીડના રજૂ કરેલા વાર્ષિક અહેવાલમાં જણાવાયુ છે કે ભારતથી આવેલા નાગરવેલના પાન ના જથ્થામાં સાલમોનેલા બેક્ટેરિયાનો ચેપ જોવા મળ્યો છે. સાલમોનેલા બેક્ટેરિયાના ચેપથી ગંભીર ઝાડા-ઉલ્ટીની બીમારી થઈ શકે છે. આ પ્રમાણેના રિપોર્ટ પછી બાંગ્લાદેશના પાનના પાંદડાની આયાત અનિશ્ચિત રીતે રોકી દીધી છે તેમજ ભારત અને થાઈલેન્ડથી આવતા પાનના જથ્થા પર દેખરેખ વધારી દીધી છે. યુરોપીયન યુનિયનની આ એજન્સીની ફરિયાદ કે ચેતવણી ની સૂચના રજૂ કરવાની બાબતમાં ચીન (433) પછી ભારત (257) બીજા ક્રમે છે.

www.crackgpsc.com

- ✓ ટેલિકોમ કમિશને સમગ્ર દેશમાં સંપૂર્ણ મોબાઈલ નંબર પોર્ટેબિલિટી (MNP) ને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. MNP હેઠળ મોબાઈલ ગ્રાહક સમગ્ર દેશમાં ગમે તે જગ્યાએ પોતાનો મોબાઈલ નંબર યથાવત રાખી મોબાઈલ ઓપરેટર બદલી શકે છે. વર્તમાન મોબાઈલ પોર્ટેબિલિટી હેઠળ, ગ્રાહક પોતાના 'હોમસર્કલ' માં જ પોતાનો મોબાઈલ નંબર પોર્ટ કરી શકે છે.
- ✓ ચીન સીમાની આસપાસ સંરક્ષણ પાયાના માળખાને ગતિશીલ કરવા માટે પર્યાવરણ મંત્રાલય મંજૂરી પ્રક્રિયાને સરળ બનાવશે. મંત્રાલય આના માટે એક નવી નીતિ લાવી રહ્યું છે જેમાં આ વિશે નિર્ણય કરવાનો અધિકાર સંબંધિત રાજ્યોને આપવામાં આવશે.
- ✓ ઓફ સ્પિનર આર. અશ્વિન ICC ટેસ્ટ બોલરોની રેન્કિંગમાં આઠમા સ્થાને. ટીમ રેન્કિંગમાં ઓસ્ટ્રેલિયા ટોચના સ્થાને યથાવત અને ભારત પાંચમા સ્થાને રહ્યું.
- ✓ ભારતીય ક્રિકેટ ટીમના ડાબોડી સ્પિનર મુરલી કાર્તિકે પ્રથમ શ્રેણી સહિત ક્રિકેટના તમામ બંધારણમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી. કાર્તિક IPL-7 માં કિંગ્સ ઇલેવન પંજાબ તરફથી મેચ રમ્યા હતા.
- ✓ નેધરલેન્ડ (હોલેન્ડ) ની મહિલા હૉકી ટીમે ઓસ્ટ્રેલિયાની ટીમને હરાવીને મહિલાઓનો FIH હૉકી વર્લ્ડ કપ 2014 નો ખિતાબ જીત્યો. આ જીત સાથે જ નેધરલેન્ડ (હોલેન્ડ) સાતમી વખત હૉકીનું વિશ્વ ચેમ્પિયન બન્યું. નેધરલેન્ડના ખેલાડી એલેન હુગને પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ જ્યારે આર્જેન્ટીનાના હૉકી ખેલાડી ફ્લોરેનિકા હાબિફને યુવા પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ માટે પસંદ કરવામાં આવ્યા.
- ✓ સોશિયલ નેશનલ પાર્ટીના જુઆન મેનુઅલ સેંટોસ **કોલંબિયાના** રાષ્ટ્રપતિ તરીકે ફરીથી ચૂંટાયા. તેઓ ઓગસ્ટ 2014 થી રાષ્ટ્રપતિ તરીકે બીજો કાર્યકાળ સંભાળશે.
- ✓ ભારતીય મૂળના ભૌતિક વૈજ્ઞાનિક પ્રો. તેજીન્દર વિર્દી 'નાઈટ બેચલર સન્માન' થી સન્માનિત. તે સાથે જ પ્રો. તેજીન્દર વિર્દી અને તેમના સહયોગી ટોમ કિબ્બલ 'નાઇટ્સહુડ' બની ગયા. પ્રો. તેજીન્દર વિર્દી બ્રિટનના સૌથી પ્રતિષ્ઠિત ભૌતિક વૈજ્ઞાનિકોમાંના એક છે. તેઓ 'લાર્જ હેડ્રોન કોલાઇડર' પર કરેલા તેમના કાર્ય માટે જાણીતા છે. પ્રો. તેજીન્દર વિર્દીને આ સન્માન બ્રિટનની મહારાણી એલિઝાબેથ દ્વિતીયએ તેમના દ્વારા વિજ્ઞાન ક્ષેત્રે કરાયેલા અતુલ્ય યોગદાન માટે આપવામાં આવ્યું.
- ✓ મહારાષ્ટ્રમાં ડાન્સ બાર પર સંપૂર્ણ પ્રતિબંધ માટે વિધાનસભામાં ખરડો પસાર.
- ✓ મહારાષ્ટ્ર સરકારે ખેડૂતોના વીજળી બિલ પર 50% છૂટ આપવાની જાહેરાત કરી. જોકે આ છૂટ તેમને મળશે, જે કુલ બિલની અડધી રકમ ભરશે.

www.crackgpsc.com

- ✓ જાણીતા બંગાળી સાહિત્યકાર શક્તિપદ રાજગુરુનું નિધન. રાજગુરુએ લખેલા સાત પુસ્તકો પર ફિલ્મો બની જેમાં અમાનુષ, મેઘે ઢાકા તારા, બરસાત કી એક રાત મુખ્ય છે.
- ✓ દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ ટેસ્ટ બેટ્સમેન કિસ બર્ગરનું નિધન.
- ✓ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ થિમ્પુમાં સંસદના સંયુક્ત સત્રને સંબોધિત કર્યું.
- ✓ ભારતીય મૂળની દક્ષિણા અગ્રવાલે 'મિસ મારવાડી નેપાલ 2014' નો ખિતાબ જીત્યો.
- ✓ FIH હોકી વર્લ્ડ કપમાં નેધરલેંડઝને હરાવીને ઓસ્ટ્રેલિયા બન્યું ચેમ્પિયન. ઓસ્ટ્રેલિયાનો આ ત્રીજો વર્લ્ડ કપ ખિતાબ છે. વર્લ્ડ કપમાં સૌથી વધુ (ચાર વખત) ખિતાબ જીતવાનો રેકોર્ડ પાકિસ્તાનના નામે છે.
- ✓ પ્રમુખ NRI ઉદ્યોગપતિ લૉર્ડ સ્વરાજ પોલ બ્રિટનના ટ્રેડ એસોસિયેશન દ્વારા લાઈફટાઈમ એચિવમેન્ટ પુરસ્કારથી સન્માનિત. તેમને ઉદ્યોગ, શિક્ષા અને ફિલેન્થ્રોફીમાં તેમના શ્રેષ્ઠ યોગદાન માટે સન્માનિત કરવામાં આવ્યા.
- ✓ દેશમાં જથ્થાબંધ ભાવ આધારિત ફુગાવાનો દર મેમાં વધીને 6.01% થઈ ગયો. એપ્રિલમાં તે 5.20% હતો. મોંઘવારી ભાવમાં આ વધારો ખાદ્ય અને ઇંધણના ભાવમાં તીવ્ર ઉછાળાના કારણે થયો છે.
- ✓ ભારતીય જ્ઞાનપીઠ સમિતિએ 2013 ના 'મૂર્તિદેવી પુરસ્કાર' માટે વૈજ્ઞાનિક અને લેખક રાધાકૃષ્ણન ના નામની ઘોષણા કરી. તેમને આ પુરસ્કાર તેમની મલયાલમ નવલકથા 'થિક્કાદલ કાતન્હુ થિરુમધુરમ' માટે આપવામાં આવશે. આ નવલકથા મલયાલમ ભાષાના પિતા કહેવાતા 'ટી રામાનુજમ' ના જીવનચરિત્ર પર આધારિત છે. મૂર્તિદેવી પુરસ્કારની સ્થાપના વર્ષ 1944 માં થઈ હતી.
- ✓ ઓસ્ટ્રેલિયાના ક્વિન્સલેન્ડ યુનિવર્સીટી ઓફ ટેક્નોલૉજીના વૈજ્ઞાનિકોએ પ્રથમ વાર વિટામિન A યુક્ત 'સુપર બનાના' (વિશેષ કેળા) નો વિકાસ કર્યો. તેનો વિકાસ કરવા માટે સામાન્ય કેળામાં જૈવિક સ્તરને બદલી તેમાં 'બીટા-કેરોટિન' તત્વ નું પ્રમાણ વધારવામાં આવ્યું. તેનો વિકાસ કરવાનો મુખ્ય હેતુ કેળાના માધ્યમથી શરીરમાં વિટામિન A નું પ્રમાણ વધારવાનું છે, જેનાથી આફ્રિકાના ગરીબ દેશોના લોકોના જીવનમાં સુધારો લાવી શકાય. આફ્રિકન દેશ યુગાન્ડામાં વિટામિન A ની ઊણપથી બાળકોમાં અંધત્વની સમસ્યાએ મોટું સ્વરૂપ ધારણ કર્યુ છે.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ભૂટાનનો બે દિવસનો રાજકીય પ્રવાસ પૂરો થયો. વડાપ્રધાન તરીકે શપથ લીધા બાદ નરેન્દ્ર મોદીનો આ પ્રથમ વિદેશ પ્રવાસ હતો. નરેન્દ્ર મોદીએ આ મુલાકાત

www.crackgpsc.com

દરમિયાન ગ્યાલયોંગ ત્સોગખંગમાં સંસદની સંયુક્ત બેઠક સંબોધી. તેમણે 600 મેગાવોટની ખોલોંગ્યુ જળ વિદ્યુત પરિયોજના નો પાયો નાખ્યો જે ભારત અને ભૂટાનના જાહેર ક્ષેત્રના સાહસ એટલેકે સતલુજ જળ વિદ્યુત નિગમ લિમિટેડ (SJVNL) અને ડ્રુક ગ્રીન પાવર કોર્પોરેશનની વચ્ચે સંયુક્ત ઉદ્યોગ છે. પૂર્વીય ભૂટાનના ત્રેશિયાંગત્સેમાં આ પરિયોજનાનું નિર્માણ વર્ષ 2014 ના અંત સુધીમાં શરૂ થઈ જશે. બન્ને પક્ષોએ હાઈડ્રો પાવર ક્ષેત્રમાં સહકાર અને તેનાથી થનારા પારસ્પરિક લાભનું મહત્વ સ્વીકારતા દસ હજાર મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે વચન આપ્યું. વડાપ્રધાને સર્વોચ્ચ અદાલતના ભવનનું ઉદઘાટન કર્યું જેનું નિર્માણ ભારત સરકાર તરફથી 793.54 કરોડ રૂપિયાની મદદથી કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને સૂચન કર્યું કે ભારતના હિમાલય ક્ષેત્રના તમામ ઉત્તરપૂર્વીય રાજ્યો અને ભૂટાન વચ્ચે વાર્ષિક રમતોત્સવનું આયોજન થવું જોઈએ જેથી બન્ને દેશો વચ્ચે સંબંધ વધે. તેમણે કહ્યું કે ભારતે હિમાલય ક્ષેત્રના જીવન અને હવામાન પરિવર્તનના અભ્યાસ માટે હિમાલય અભ્યાસ ક્ષેત્ર સ્થાપિત કરવાનો નિર્ણય લીધો છે જેનાથી ભૂટાનને પણ લાભ થશે. ભારત અને ભૂટાન એકબીજા સામે આતંક ફેલાવવા માટે પોતાની જમીનનો ઉપયોગ નહીં કરવા દેવા માટે સંમત થયાં. ભારત, ભૂટાનને પાંચ ખાદ્ય સામગ્રીની નિકાસ પર કોઈ પણ પ્રતિબંધ કે અવરોધ ઊભો કરશે નહીં. આ સામગ્રી છે - દૂધ પાવડર, ઘઉં, ખાદ્ય તેલ, દાળ અને ચોખા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં શિક્ષણ મેળવતા ભૂટાનના વિદ્યાર્થીઓ માટે નેહરૂ વાંગચુક શિષ્યવૃત્તિની રકમ બે ગણી એટલેકે 20 કરોડ રૂપિયા કરવાની અને ભૂટાનના તમામ 20 જિલ્લાઓમાં ઇ-લાઇબ્રેરી સ્થાપિત કરવા માટે આર્થિક સહકાર આપવાની ઘોષણા કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભૂટાન યાત્રાથી બન્ને દેશોના પારસ્પરિક સંબંધ વધારે મજબૂત થયાં છે. નરેન્દ્ર મોદી દ્વારા પ્રથમ વિદેશી પ્રવાસ માટે ભૂટાનની પસંદગી વિદેશ નીતિના મોરચા પર એક સારી શરૂઆત છે. ભૂટાન, ભારતનો માત્ર એક એવો પડોશી દેશ છે, જેની સાથે પારસ્પરિક સંબંધોમાં કોઈ પણ પ્રકારનો અણબનાવ નથી. ભારતની જેમ ભૂટાન પણ ચીની સૈનિકોની ઘૂસણખોરીથી ઘણું સહન કરે છે, આ વાત પણ બન્ને દેશોને નજીક લાવે છે.

✓ સંઘર્ષમાં જાતીય હિંસા સમાપ્ત કરવા માટે વૈશ્વિક સંમેલન લંડનના એક્સલમાં યોજવામાં આવ્યું. શિખર સંમેલનનો મુખ્ય હેતુ હતો, પીડિતોનું જીવન સુધારવું અને સંઘર્ષમાં જાતિય હિંસાના ગુનાના સાક્ષીની જુબાની લેવા માટે સૌથી સારા અભ્યાસની સ્થાપના માટે કડક કાર્યવાહી કરવી.

- ✓ લેફ્ટનન્ટ જનરલ અમિત શર્મા વ્યૂહાત્મક દળના કમાન્ડર ઈન ચીફ નિયુક્ત થયા. અટલ બિહારી વાજપેયી સરકારે 4 જાન્યુઆરી, 2003 ના સ્ટ્રેટેજીક ફોર્સ કમાન્ડ (SFC) ની સ્થાપના કરી હતી. એર માર્શલ તેજ મોહન અસ્થાના SFCના પહેલા કમાન્ડર ઇન ચીફ હતા. આ દેશના વ્યૂહાત્મક અને વ્યૂહાત્મક પરમાણુ શસ્ત્ર ભંડારના વ્યવસ્થાપન અને વહીવટ માટે જવાબદાર છે. વ્યૂહાત્મક દળ કમાન્ડ ન્યુક્લિયર કમાન્ડ ઓથોરિટી (NCA) ની સૂચનાઓનો અમલ કરે છે. આ કમાન્ડ NCA થી સ્પષ્ટ માન્યતા પ્રાપ્ત કર્યા પછી પરમાણુ શસ્ત્રો અને શસ્ત્રો પહોંચાડવાનું કામ કરે છે.
- ✓ મધ્યપ્રદેશમાં મહિલાઓના સન્માન અને તેમના રક્ષણ માટે દેશના પ્રથમ એકીકૃત સંકટ સમાધાન કેન્દ્ર (વન સ્ટોપ ક્રાઈસિસ રિસોલ્યુશન સેન્ટર-OSCC) 'ગૌરવી' ની ભોપાલમાં શરૂઆત થઈ. OSCC હેઠળ સ્થાપિત 'ગૌરવી કેન્દ્ર', મધ્યપ્રદેશ સરકાર અને એક્શન એડ (NGO) ની સંયુક્ત કાર્ય યોજના છે. અભિનેતા આમિરખાને પ્રથમ 'ગૌરવી કેન્દ્ર' નું ઉદઘાટન કર્યું. આ યોજના હેઠળ 'ગૌરવી' કેન્દ્રની સ્થાપના દરેક જિલ્લામાં કરવામાં આવશે. 'ગૌરવી' કેન્દ્રમાં મુખ્ય સ્વરૂપે હિંસા અને બળાત્કારનો ભોગ બનેલી મહિલાઓને મદદ કરવામાં આવશે.
- ✓ દિલ્હી દેશનું પ્રથમ કેરોસીન મુક્ત રાજ્ય બન્યું. દિલ્હીએ આ સફળતા 'કેરોસીન મુક્ત શહેર યોજના' હેઠળ પ્રાપ્ત કરી જેની શરૂઆત વર્ષ 2012-13 માં થઈ હતી. દિલ્હીમાં વાર્ષિક 53000 કિલો લિટર કેરોસીનનો વપરાશ થતો હતો. તેના પર વાર્ષિક લગભગ 200 કરોડ રૂપિયા સબસિડી તરીકે ખર્ચ થતા હતા. દિલ્હીને કેરોસીન મુક્ત કરવાથી વાર્ષિક ખર્ચ થતા સબસિડીના 200 કરોડ રૂપિયાની બચત થશે.
- ✓ ભારતીય વૈજ્ઞાનિક રસિક રવિન્દ્ર યુ.એન. કમિશન ઓફ ધ લિમિટ્સ ઓફ કોન્ટિનેન્ટલ શેલ્ફ (UNCLCS) ના સભ્ય તરીકે ચૂંટાયા. કમિશન ઓફ ધ લિમિટ્સ ઓફ કોન્ટિનેન્ટલ શેલ્ફ (CLCS) સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા છે. તેમાં 21 સભ્યો છે અને તે દેશોને નવાં દરિયાઈ ક્ષેત્ર પ્રદાન કરવાની શક્તિ ધરાવે છે. તેના સભ્યો ભૂસ્તરશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન અને જલવિજ્ઞાન ક્ષેત્રમાં નિષ્ણાત હોય છે.
- ✓ છત્તીસગઢ માઓવાદી અસરગ્રસ્ત વિસ્તારોમાં 181 મોબાઈલ ટાવર લગાવવાનો નિર્ણય.
- ✓ પાકિસ્તાનમાં ઉત્તર વઝીરીસ્તાનમાં તાલિબાન પર લશ્કરી કાર્યવાહીમાં 184 આતંકવાદી મૃત્યુ પામ્યા.
- ✓ ઉત્તરપ્રદેશના રાજ્યપાલ બી.એલ. જોશી, કર્ણાટકના રાજયપાલ હંસરાજ ભારદ્વાજ અને આસામના રાજયપાલ જે. બી. પટનાયકે રાજીનામું આપ્યું.

www.crackgpsc.com

- ✓ વ્હાઇટ હાઉસે પોતાના સમુદાયમાં અનુકરણીય નેતૃત્વ કરવા માટે ભારતીય મૂળની યુવતી પ્રતિષ્ઠા ખન્ના ની પસંદગી 'ચેમ્પિયન્સ ઓફ ચેન્જ' તરીકે કરી હતી. વ્હાઇટ હાઉસે આ પુરસ્કાર માટે કુલ 10 યુવાનોની પસંદગી કરી હતી. આ પુરસ્કાર તે યુવાનોને મળે છે જે પોતાના શૈક્ષણિક તેમજ વ્યાવસાયિક ક્ષેત્રે ખૂબ સફળ અને અનુકરણીય રહ્યા હોય. પ્રતિષ્ઠા હાલમાં યુનિવર્સીટી ઓફ મેરિલેન્ડ, બાલ્ટિમોર કાઉન્ટી (UMBC) માં સ્નાતક કક્ષાની છેલ્લા વર્ષની વિદ્યાર્થિની છે. તે જીવવિજ્ઞાન વિષયમાં સ્નાતક કરી રહી છે.
- ✓ ભૂટાનના સાંસદોએ તાળી નહીં પાડવાની પોતાની પરંપરાનો ભંગ કરી સંસદના સંયુક્ત અધિવેશનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હિન્દીમાં આપેલા ભાષણ પછી તાળીઓના ગડગડાટના અવાજથી અભિવાદન કર્યું.
- ✓ ઇરાકમાં આતંકવાદીઓ અને સૈન્ય વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં ત્યાં કામ કરતાં ઘણા ભારતીયો ફસાઈ ગયા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે લગભગ 200 ભારતીય નાગરિકો ઇરાકમાં ફસાયા છે, જેમાં મોટા ભાગની નર્સો અને કન્સ્ટ્રક્શન કામના મજૂરો છે.
- ✓ કેન્દ્રિય જળ સંસાધન મંત્રી સુશ્રી ઉમા ભારતીએ આજે એક રાષ્ટ્રવ્યાપી વૃક્ષારોપણ અભિયાન અને નદીઓને બચાવવા માટે લોક જાગૃતિ કાર્યક્રમની શરૂઆત કરી. કેદારનાથ દુર્ઘટનાનો ભોગ બનેલા લોકોની યાદમાં દિલ્હીમાં યમુનાના કિનારે વૃક્ષારોપણ કર્યું. આજ રીતે વૃક્ષારોપણ કાર્યક્રમ ગંગોત્રી, હરિદ્વાર, કાનપુર, અલાહાબાદ, વારાણસી, પટણા, નબદ્વીપ અને ગંગાસાગરમાં પણ યોજવામાં આવ્યા.



## ➢ 4th Week

- ✓ જોર્ડનના રાજકુમાર ઝાયેદ અલ હુસૈન યુનાઇટેડ નેશન્સ હ્યુમન રાઇટ્સના નવા પ્રમુખ બનશે. વરિષ્ઠ રાજદ્વારી અને આંતરરાષ્ટ્રીય ન્યાય માટે અભિયાન ચલાવનાર ઝાયેદ મુસ્લિમ અને આરબ જગતથી પ્રથમ માનવાધિકાર પ્રમુખ હશે. 193 સભ્યોની યુએન જનરલ એસેમ્બલીએ સર્વસંમતિથી તેમની પસંદગી કરી છે. ઝાયેદ હાલમાં સંયુક્ત રાષ્ટ્રમાં જોર્ડનના રાજદૂત છે. યુનાઇટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ 1993 માં હ્યુમન રાઇટ્સ હાઇ કમિશ્નરના પદની રચના કરી હતી. આ પદ પર ઝાયેદનો સમયગાળો 1 સપ્ટેમ્બરથી શરૂ થશે.
- ✓ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ ટેક્નોલૉજી (IIT) BHU, વારાણસીના 'રસાયણ એન્જીનિયરિંગ વિભાગ' ના વૈજ્ઞાનિકોએ ફેફસાના કેન્સરને રોકવામાં મદદરૂપ બેક્ટેરિયાની શોધની જાહેરાત કરી. માટીમાં કેટલાક એવા બેક્ટેરિયા શોધાયા છે, જે હવામાં ફેલાતાં કેન્સરજન્ય રસાયણિક રજકણોને સુકવવા માટે સક્ષમ છે. માટીમાં જોવા મળતાં 'મેથનોટ્રોપ્સ' અને 'ડાઈજોટ્રોપ્સ' નામના બેક્ટેરિયા, રંગના કારખાના અને પેટ્રોલથી ચાલતાં વાહનો વગેરેથી ઉત્સર્જિત થઈ વાતાવરણમાં ફેલાતાં 'વોલાટાઇલ ઓર્ગેનિક કમ્પાઉન્ડ' (VOC) ના રજકણો શોષી લેવા માટે સક્ષમ છે. વૈજ્ઞાનિકોએ બેક્ટેરિયાની સંખ્યા વધારવા માટે 'બાયોરિએક્ટર' વિકસાવ્યું છે. જો કારખાનાં અને વાહનોમાંથી નીકળતાં ગેસને 'બાયોરિએક્ટર' માં દાખલ કરવામાં આવે તો આ બેક્ટેરિયા ગેસમાં રહેલા 'ટ્રાઈ ક્લોરોઇથિલીન' નામના તે રજકણનો નાશ કરશે, જેની ખૂબ નાની માત્રા (5 PPM) પણ કેન્સર રોગ ફેલાવી શકે છે.
- ✓ ફેફસાના કેન્સરને રોકવામાં શોધેલા મદદરૂપ બેક્ટેરિયા-'મેથનોટ્રોપ્સ' અને 'ડાઈજોટ્રોપ્સ'.
- ✓ ભારત સરકારે સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયમૂર્તિ આર.સી. લોહાટી ને બ્રિટનની દૂરસંચાર કંપની વોડાફોનથી સંકળાયેલ 20000 કરોડ રૂપિયાના ટેક્સ વિવાદ કેસમાં મધ્યસ્થી તરીકે નિમણૂક કર્યા.
- ✓ 'ICICI લોમ્બાર્ડ તમાકુના વપરાશ 2014' ના સર્વેમાં ભારતમાં સિગારેટના સૌથી વધુ વપરાશમાં કોલકાતા ટોચના સ્થાને. આ સર્વેક્ષણ GFK મોડના સહયોગથી પાંચ ક્ષેત્રો (મુંબઈ, કોલકાતા, અમદાવાદ, લખનઉ અને હૈદરાબાદ) માં 21 થી 40 વર્ષના ઉંમરની વ્યક્તિઓ વચ્ચે હાથ ધરવામાં આવ્યુ હતું.
- ✓ દૂરના વિસ્તારો અને સરહદી વિસ્તારોમાં નક્સલ અને બળવાખોર વિરોધી અભિયાનમાં સામેલ જવાનોને 3500 સેટેલાઈટ ફોન આપવામાં આવશે જેથી તેઓ ઝડપથી સંપર્ક કરી શકે.

www.crackgpsc.com

- ✓ જર્મનીના જુયેર્ગન સ્ટાકને ઇન્ટરપોલ સેક્રેટરી જનરલ અમેરિકાના રોનાલ્ડના નોબલના ઉત્તરાધિકારી જાહેર કર્યાની સાથે જ ભારત આ પદ માટેની દોડમાં હારી ગયું. CBI ના નિર્દેશક રણજીત સિંહા સેક્રેટરી જનરલ પદની ઉમેદવારી માટે પસંદ કરવામાં આવેલા લોકોમાં પ્રથમ ભારતીય હતા.
- ✓ ઇન્ટરપોલ: ઇન્ટરપોલ એક આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ પોલીસ સંસ્થા છે. તેની સ્થાપના વર્ષ 1923 માં થઇ હતી. આ સંસ્થા પોતાના સભ્ય દેશોની પોલીસ વચ્ચે સહકાર દ્વારા આંતરરાષ્ટ્રીય ગુનાખોરી રોકવા અને ગુનેગારોને પકડવામાં મદદ કરે છે. હાલમાં ઇન્ટરપોલના સભ્ય દેશોની સંખ્યા 190 છે. ઇન્ટરપોલનું મુખ્યાલય ફ્રાન્સના લિયો શહેરમાં આવેલું છે.
- ✓ તેલુગુ દેશમ પાર્ટીના નેતા કોડેલા શિવપ્રસાદ રાવ આંધ્રપ્રદેશ વિધાનસભાના અધ્યક્ષ તરીકે ચૂંટાયા. તેઓ રાજ્ય વિભાજન (આંધ્રપ્રદેશ, તેલંગાણા) પછી આંધ્રપ્રદેશ વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ તરીકે ચૂંટાયા.
- ✓ સ્પેનના નવા રાજા તરીકે 'ફિલિપ 6ઠ્ઠા' એ પદ અને ગુપ્તતાની શપથ લીધી. તેઓ સ્પેનના રાજા 'જુઆન કાલરેસ' ના પુત્ર છે.
- ✓ અમેરિકાની વર્લ્ડ ફૂડ એવોર્ડ સંસ્થાએ હરિયાળી ક્રાંતિ પછી વૈશ્વિક ઘઉં ઉત્પાદનમાં 20 કરોડ ટનથી વધુની વૃદ્ધિમાં યોગદાન આપવા બદલ ભારતીય મૂળના અમેરિકન વૈજ્ઞાનિક સંજય રાજારામને 'વર્લ્ડ ફૂડ એવોર્ડ-2014' આપવાની ઘોષણા કરી. રાજારામ એક વનસ્પતિ વૈજ્ઞાનિક છે. 'વર્લ્ડ ફૂડ એવોર્ડ' ની શરૂઆત નોબલ શાંતિ પુરસ્કાર વિજેતા ડૉ. નાર્મન બોરલોગે કરી.
- ✓ વૈજ્ઞાનિકોના કહ્યા મુજબ માર્ચ 2013 થી અત્યાર સુધી હજારો લોકોનો જીવ લેનાર બર્ડફ્લુનો વાઇરસ H7N9 ભારત અને ચીન સહિત પાંચ એશિયન દેશોને પોતાનું નિશાન બનાવી શકે છે.
- ✓ નોર્વેના ભૂતપૂર્વ વડાપ્રધાન ગ્રો હાર્લેમ બ્રુન્ડલેન્ડ પ્રથમ 'ટેન્ગ પ્રાઇઝ ઇન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ' માટે નોમિનેટેડ. તેમને આ પુરસ્કાર સતત વિકાસમાં 'ગોડમધર' તરીકે તેમની કામગીરી માટે આપવામાં આવશે. ટેન્ગ પુરસ્કારને એશિયાનો નોબલ પુરસ્કાર પણ કહેવામાં આવે છે. ટેન્ગ પ્રાઇઝની સ્થાપના ડૉ. સેમ્યુઅલ યીને 2012 માં કરી હતી.
- ✓ ભારતીય ચેસ સ્ટાર વિશ્વનાથન આનંદે હાલના વર્લ્ડ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને હરાવી વર્લ્ડ રેપિડ ચેસ ટુર્નામેન્ટમાં કાંસ્ય પદક જીત્યો. નૉર્વેના ખેલાડી મેગ્નસ કાર્લસને વિશ્વનાથન આનંદથી પરાજિત થવા છતાં 11 પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો. વર્લ્ડ રેપિડ ચેસ ટુર્નામેન્ટ,

www.crackgpsc.com

ઝડપી ગતિથી રમાતી ચેસ રમતની એક સ્પર્ધા છે. તેને ઝડપથી રમાતી ચેસ પણ કહેવામાં આવે છે.

> **વિશ્વનાથન આનંદ:** વર્ષ 1988 માં વિશ્વનાથન આનંદ ભારતના પ્રથમ ગ્રાન્ડમાસ્ટર બન્યા. વિશ્વનાથન આનંદ રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર મેળવનાર પ્રથમ ખેલાડી છે. વિશ્વનાથન આનંદ ભારતીય ઈતિહાસમાં પ્રથમ ખેલાડી બન્યા જેમને પદ્મ વિભૂષણ થી સન્માનિત કરવામાં આવ્યા.

- ✓ મધ્યપ્રદેશ સરકારે નર્મદા-માલવા-ગંભીર લિંક પરિયોજના (NMGLP) ને મંજૂરી આપી.
- ✓ છત્તીસગઢના રાજયપાલ શેખરદત્તે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને રાજીનામું આપ્યું.
- ✓ ભારત-અમેરિકા-જાપાનની વચ્ચે નવી દિલ્હીમાં થનારી 5મી ત્રિપક્ષીય મંત્રણા સ્થગિત કરવામાં આવી. ભારત-અમેરિકા-જાપાન ત્રિપક્ષીય મંત્રણા ઘોષિત પુર્વોન્મુખી નીતિ (લુક ઈસ્ટ પોલિસી) અને સાથે જ ઉત્તર એશિયાની સાથે જોડાણથી આગળ જવાના નવી દિલ્હીના પ્રયત્નનો પણ ભાગ છે.
- ✓ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ મુકેશ અંબાણીના પત્ની નીતા અંબાણી દેશની સૌથી મોટી ખાનગી કંપનીના ડિરેક્ટર્સ ઓફ બોર્ડમાં નિયુક્ત થનાર પ્રથમ મહિલા બનેલ છે.
- ✓ નર્મદા બંધની ઊંચાઈ વધારીને 138.72 મીટર (455 ફૂટ) કરવાની મંજૂરી મળી ગઈ.
- ✓ ફૂટબોલ વર્લ્ડ કપ 2010 નું ચેમ્પિયન સ્પેન ફિફા વર્લ્ડ કપ 2014માં ચિલીથી હારીને ગ્રુપ લીગ અર્થાત પ્રથમ રાઉન્ડમાં જ ફેંકાઇ ગયું.
- ✓ 49 મા જ્ઞાનપીઠ પુરસ્કાર માટે હિન્દી કવિ કેદારનાથ સિંહ ના નામની જાહેરાત થઈ. ભારતીય જ્ઞાનપીઠના ડિરેક્ટર લીલાધર મંડલોઇ છે. કેદારનાથ સિંહ આ પુરસ્કાર મેળવનાર હિન્દીના 10મા રચનાકાર છે.




www.crackgpsc.com

**જ્ઞાનપીઠ પુરસ્કાર:**

- ✓ ભારતનું સર્વોચ્ચ સાહિત્યિક સન્માન છે. ભારતીય જ્ઞાનપીઠ ટ્રસ્ટ દ્વારા દર વાર્ષિક આપવામાં આવે છે.
- ✓ ભારતીય બંધારણના આઠમા પરિશિષ્ટમાં ઉલ્લેખિત 22 ભાષાઓમાંથી કોઈ પણ ભાષાના લેખકને આપવામાં આવે છે.
- ✓ વર્ષ 2011 થી પુરસ્કાર તરીકે 11 લાખ રૂપિયા રોકડ, શાલ અને પ્રશસ્તિ પત્ર આપવામાં આવે છે. તેની પહેલા આ સન્માન તરીકે 7 લાખ રૂપિયા રોકડ ઈનામ આપવામાં આવતું હતું.
- ✓ પ્રથમ જ્ઞાનપીઠ પુરસ્કાર વર્ષ 1965 માં મલયાલમ લેખક જી શંકર કુરૂપને આપવામાં આવ્યો હતો.
- ✓ વર્ષ 1982 સુધી આ પુરસ્કાર લેખકની માત્ર કૃતિ માટે આપવામાં આવતો હતો પરંતુ તેના પછીથી તે લેખકના ભારતીય સાહિત્યમાં સંપૂર્ણ યોગદાન માટે આપવામાં આવે છે.

- ✓ વરિષ્ઠ સલાહકાર મુકુલ રોહતગી એ નવા એટર્ની જનરલની જવાબદારી સંભાળી.
- ✓ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) ના વાઇસ ચેરમેન એમ શશિધર રેડ્ડી એ પોતાના પદેથી રાજીનામું આપ્યું. રેડ્ડીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જે NDMA ના ચેરમેન પણ છે, તેમને પોતાનું રાજીનામું મોકલ્યું. તેલંગણાના કોંગ્રેસ નેતા રેડ્ડીને 2005 માં NDMA ની સ્થાપના વખતે વાઇસ ચેરમેન નિયુક્ત કરવામાં આવ્યાં હતાં.
- ✓ ભારત સરકારે 23 ડિસેમ્બર 2005 ના દિવસે ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) ના નિર્માણની પરિકલ્પના કરી. તેના અધ્યક્ષ વડાપ્રધાન હોય છે જ્યારે સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (SDMA) ના અધ્યક્ષ મુખ્યમંત્રી હોય છે. તે ભારતમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે એક સર્વગ્રાહી અને સંકલિત દ્રષ્ટિકોણનો અમલ કરવવા માટે કામ કરે છે. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) ના અંતર્ગત આઠ સભ્યો હોય છે જેમાં વાઇસ ચેરમેનને કેબિનેટ મંત્રીનો દરજ્જો પ્રાપ્ત થાય છે જ્યારે બાકીના સભ્યોને રાજ્યમંત્રીનો દરજ્જો પ્રાપ્ત થાય છે.

www.crackgpsc.com

- ✓ ભારતમાં કરોડપતિઓ (મિલિયોનેર) ની સંખ્યા ગયા વર્ષે 3000 વધીને 1.56 લાખ થઈ ગઈ. સમગ્ર વિશ્વમાં સમૃદ્ધ લોકોના દેશોની યાદીમાં ભારત હવે 16મા સ્થાને છે. વધુ આવક ધરાવતાં વ્યક્તિઓ (હાઇ નેટ વર્થ ઇન્ડીવિડ્યુઅલ-HNWI) ની સૌથી વધુ સંખ્યા અમેરીકામાં છે.
- ✓ કેપિટલ માર્કેટ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) એ જાહેર ક્ષેત્રનાં તમામ એકમોમાં ન્યુનત્તમ પબ્લિક શેરહોલ્ડિંગને વધારીને 25% કરવાનો નિર્ણય કર્યો છે. હાલમાં જાહેર ક્ષેત્રનાં એકમોને ન્યુનત્તમ પબ્લિક શેરહોલ્ડિંગના 10% જાળવી રખવાના હોય છે, જ્યારે ખાનગી કંપનીઓને 25% જાળવી રાખવાની જરૂરિયાત છે. હવે જાહેર ક્ષેત્રના એકમોને 25% અથવા 400 કરોડ ના ન્યુનત્તમ પબ્લિક શેરહોલ્ડિંગને પ્રાપ્ત કરવા માટે ત્રણ વર્ષનો સમય આપવામાં આવશે.
- ✓ રશિયાના નાયબ વડાપ્રધાન દિમિત્રી ઓ રોગોજિને ભારતની બે દિવસની મુલાકાત લીધી. હાઇડ્રોકાર્બન, ફાર્માસ્યુટિકલ, કોલસા અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે સહકાર કરવાનો નિર્ણય કર્યો.
- ✓ બાંગ્લાદેશના ભૂતપૂર્વ કેપ્ટન મોહમ્મદ અશરફુલ પર આઠ વર્ષ માટે પ્રતિબંધ મુકાયો. કેપ્ટન મોહમ્મદ અશરફુલ વર્ષ 2013ના બાંગ્લાદેશ પ્રીમીયર લીગમાં મેચ ફિક્સિંગના ચાર આરોપ માટે દોષી પુરવાર થયા. તે 7 વર્ષની ઉંમરમાં સદી કરનાર દેશના સૌથી યુવાન ક્રિકેટર હતા.
- ✓ રિઝર્વ બેંકે પાકિસ્તાન અને બાંગ્લાદેશના નાગરિકો સિવાય તમામ રહેવાસીઓ અને પ્રવાસીઓને દેશની બહાર જતાં સમયે 25000 રૂપિયા સુધી ભારતીય ચલણ લઈ જવાની મંજૂરી આપી છે.
- ✓ ભારતીય મૂળના અંગ્રેજી લેખક અને બુકર પુરસ્કાર વિજેતા સલમાન રશ્દી ની વર્ષ 2014 ના 'પેન પિંટર પુરસ્કાર' માટે પસંદગી. સલમાન રશ્દીને આ પુરસ્કાર તેમના ઉત્કૃષ્ટ સાહિત્યિક કાર્ય અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના સમર્થન માટે આપવામાં આવશે. સલમાન રશ્દીની નવલકથા 'મિડનાઇટ્સ ચિલ્ડ્રન' ને વર્ષ 2008 માં બુકર પ્રાઇઝ એનાયત થયો હતો. સલમાન રશ્દી પોતાની નવલકથા 'ધ સેતાનિક વર્સેસ' માટે ચર્ચામાં રહ્યા. તેનો મુસ્લિમો દ્વારા ખૂબ વિરોધ કરવામાં આવ્યો.
- ✓ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને (WHO) પશ્ચિમ આફ્રિકામાં જીવલેણ વાઇરસ ઇબોલા થી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા 337 પહોંચી હોવાની જાહેરાત કરી છે. ઇબોલા વાઇરસ વિશ્વનો સૌથી મોટો જીવલેણ વાઇરસ છે અને અત્યાર સુધી તેનો કોઈ ઈલાજ કે રસી બની નથી. તેના લક્ષણો ઝાડા, ઉલટી અને રક્તસ્રાવ છે અને તે ચેપી રક્ત, મળ અને પરસેવાના સીધા સંપર્કમાં

www.crackgpsc.com

આવવાથી ફેલાય છે. તે જાતીય સંપર્ક કે દૂષિત લાશોનાં અસુરક્ષિત નિકાલથી પણ ફેલાય છે. આ વાઇરસ સૌપ્રથમ વાર વર્ષ 1976 માં ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં મળ્યો હતો. ત્યારે તેણે 280 લોકોનાં જીવ લીધા હતા. તે એટલી હદે જીવલેણ છે કે તે ચેપી લોકોમાંથી 25 થી 90 ટકા દર્દીઓનો જીવ લઈ લે છે.

- ✓ શ્રીલંકાના કુમાર સંગકારા સતત સાત ટેસ્ટ ઇનિંગમાં અડધી સદી કરનાર ચોથા બેટ્સમેન બન્યાં. કુમાર સંગકારાની પહેલા વેસ્ટ ઈન્ડિઝના ખેલાડી એવર્ટન વીક્સ અને શિવનારાયણ ચંદ્રપાલ તેમજ ઝીમ્બાબ્વેના એન્ડી ફ્લાવરે આ રેકોર્ડ બનાવ્યો હતો.
- ✓ ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલે રાજ્ય પોલીસ બળમાં મહિલાઓ માટે 33 ટકા અનામતની જાહેરાત કરી.
- ✓ ફોર ઇયર અંડરગ્રેજ્યુએટ પ્રોગ્રામ (FYUP) પર ચાલુ રહેલા વિવાદ વચ્ચે દિલ્હી યુનિવર્સિટીના કુલપતિ દિનેશ સિંહે પોતાના પદેથી રાજીનામું આપ્યું.
- ✓ ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વડાપ્રધાનના 100 દિવસના એજન્ડાને અપનાવતા રાજ્યમાં વિકાસ માટે કેટલાક પગલા ભરવાનો નિર્ણય કર્યો. ગુજરાત સરકારે 100 દિવસ માટે પોતાની આ યોજનાનું નામ 'ગતિશીલ ગુજરાત' રાખેલ છે. રાજ્ય સરકાર આ સો દિવસોમાં 11 મુખ્ય મુદ્દાઓ પર કાર્ય કરશે. તેમાં મહિલા સશક્તિકરણ, પોષણયુક્ત ગુજરાત, મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન જેવા સામાજિક અને જન કલ્યાણથી સંબંધિત 11 મુદ્દાઓનો સમાવેશ થાય છે. તેમાં 500 સ્માર્ટ શાળાઓમાં ઇ-લર્નિંગની વ્યવસ્થા, 50 હજાર શૌચાલય, 20 હજાર જગ્યાઓ પર ભરતી કરવાનો એજન્ડા છે.
- ✓ ઇન્સ્ટિટ્યુટ ફોર ઇકોનોમિક્સ એન્ડ પીસ ના ગ્લોબલ પીસ ઇન્ડેક્સ (GPI) 2014 માં 162 દેશોમાંથી ભારતનું સ્થાન 143મું. ગ્લોબલ પીસ ઇન્ડેક્સ (GPI) 2013 માં ભારત 141મા ક્રમે હતું. સીરિયા વિશ્વનો સૌથી અશાંત દેશ જ્યારે વિશ્વનો સૌથી શાંત દેશ આઇસલેન્ડ. શાંતિના ધોરણે જ્યોર્જિયાએ સૌથી સારો સુધારો દર્શાવ્યો જ્યારે દક્ષિણ સુદાને સૌથી ખરાબ દેખાવ કર્યો.
- ✓ કોર્પોરેટ સોશિયલ જવાબદારીને પ્રોત્સાહિત કરવાની ભૂમિકા માટે ટાટા ગ્રુપના ભૂતપૂર્વ ચેરમેન રતન ટાટા કેનેડાની યોર્ક યુનિવર્સિટી દ્વારા કાયદાની ડોક્ટરેટની માનદ પદવીથી સન્માનિત.
- ✓ મર્સિડીઝ ડ્રાઈવર નિકો રોસબર્ગે ઓસ્ટ્રિયાના સ્લીપબર્ગમાં યોજાયેલા 'ઓસ્ટ્રિયા ગ્રાન્ડ પ્રિક્સ 2014' નો ખિતાબ જીત્યો.

www.crackgpsc.com

- ✓ સંયુક્ત આરબ અમીરાત (UAE) ના ચાર ભારતીય પત્રકારો- સનીશ નાંબિયાર, અનવર અલ હક એમયુ, લિયો રાધા કૃષ્ણન અને સાદિક કેવિલને વર્ષ 2013 નો ચિરાંથાના મીડિયા એવોર્ડ આપવામાં આવ્યો. તેમને આ પુરસ્કાર તેમના કાર્ય દ્વારા પ્રવાસીઓની મદદ કરવા માટે આપવામાં આવ્યો.
- ✓ એબી દ વિલિયર્સ ICC વનડે બેટ્સમેન રેન્કિંગમાં પ્રથમ ક્રમના બેટ્સમેન બન્યા. તેની સાથે, દ વિલિયર્સ ટેસ્ટ અને વનડે ICC રેન્કિંગ બંનેમાં પ્રથમ ક્રમના બેટ્સમેન બની ગયા.
- ✓ કેન્દ્ર સરકારે છત્તીસગઢમાં 12 જૂન, 2014 ના દિવસે થયેલા ભિલાઈ સ્ટીલ પ્લાન્ટમાં ગેસ લીકેજની ઘટનાની તપાસ કરવા માટે એક સ્વતંત્ર ઉચ્ચ કક્ષાની સમિતિની રચના કરી. સ્વતંત્ર ઉચ્ચ કક્ષા સમિતિનું નેતૃત્વ મેટાલ્યુરજિકલના ભૂતપૂર્વ CMD તેમજ એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ્સ (ભારત) લિમિટેડના કે.કે. મેહરોત્રા અને અન્ય ત્રણ સભ્યો સાથે કરશે. આ ઘટનામાં પ્લાન્ટના વોટર પંપ હાઉસ નંબર-2 માં મિથેન ગેસ પાઇપ લાઇનમાંથી લીકેજ થતાં ઓછામાં ઓછા 6 લોકોનાં મૃત્યુ થયા હતા અને 30 થી વધુને ઇજા થઈ હતી.
- ✓ ચીનમાં આવેલી યેનશાન યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ વિશ્વનો સૌથી મજબૂત કૃત્રિમ હીરો બનાવવાની જાહેરાત કરી. યેનશાન યુનિવર્સિટીના વૈજ્ઞાનિક 'યોંગજુગ તિઆન' અને 'ક્વાન હુઆંગે' ભેગા મળીને આ હીરો બનાવ્યો. આ હીરો કુદરતી હીરા કરતાં વધારે મજબૂત છે.
- ✓ સચિન તેંદુલકર ના સન્માનમાં બ્રિટનની વૈભવી સાધનો બનાવતી કંપની 'ઇસ્ટ ઈન્ડિયા' એ સોનાનો વિશેષ સિક્કો રજૂ કર્યો.




www.crackgpsc.com

- BCCI ના અધ્યક્ષ એન. શ્રીનિવાસન સર્વસંમતિથી સતત 14મા વર્ષે તમિલનાડુ ક્રિકેટ એસોસિયેશન (TNCA) ના પ્રમુખ તરીકે ચૂંટાયા
- કેન્દ્રિય મંત્રીમંડળમાં સમાવેશ થયાથી કેન્દ્રિય લઘુમતી બાબતોના મંત્રી ડૉ. નજમા હેપતુલ્લાએ મધ્યપ્રદેશ રાજ્ય વક્ફ બોર્ડના સભ્ય પદેથી રાજીનામું આપ્યું.
- પાટણની 'રાણકી વાવ' નો યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની યાદીમાં સમાવેશ. રાણીની વાવ ને 1063 માં સોલંકી રાજા ભીમદેવ પ્રથમની યાદમાં તેની પત્ની ઉદયમતીએ બનાવી હતી. આ વાવ 64 મી. લાંબી 20 મી. પહોળી અને 27 મી. ઊંડી છે. રાજા ભીમદેવ જ સોલંકી રાજવંશના સ્થાપક હતા. વાવની દીવાલો અને સ્તંભો પર અધિકતર કોતરણી ઉપરાંત રામ, વામન, મહિષાસુર મર્દિની, કલ્કી જેવા વિષ્ણુ ભગવાનના અવતારોની પણ કોતરણી કરેલી છે.
- ચીનની ગ્રેટ કેનાલ અને ચીન, કઝાકિસ્તાન અને કિર્ગિસ્તાનના પ્રાચીન સિલ્ક રોડનો પણ યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો. ગ્રેટ કેનાલ વિશ્વનો સૌથી લાંબો કૃત્રિમ જળમાર્ગ છે. તે ચીનની રાજધાની બેઇજિંગ (Beijing) અને ચીનના પૂર્વીય પ્રાંત ઝેજીઆંગ (Zhejiang) માં આવેલા હોંગ્ઝુ (Hangzhou) ની વચ્ચે આવેલો છે. તેની લંબાઈ 1794 કિમી છે.
- મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણના મંત્રીમંડળે રાજયમાં મરાઠાઓ માટે 16 ટકા અનામત કરવાની જાહેરાત કરી છે. સાથે જ 5 ટકા અનામત મુસ્લિમોને પણ આપવાની જાહેરાત કરી છે. તેની સાથે જ રાજયમાં અનામત 73 ટકા સુધી પહોંચી ગયું છે.
- કેન્દ્રિય સાંસ્કૃતિક મંત્રાલયે દોહાના કતારમાં યોજાયેલા વર્લ્ડ હેરિટેજ સમિતિના 38મા સત્રમાં 'પ્રોજેક્ટ મોસમ' ની શરૂઆત કરી. આ યોજનાનો હેતુ બહુપરીમાણીય હિન્દ મહાસાગરની દુનિયાની શોધ કરવી અને તેની સાંસ્કૃતિક, વાણિજ્યિક અને ધાર્મિક વિવિધતા પર પુરાતાત્વીય અને ઐતિહાસિક સંશોધન કરવાનો છે.
- ભારતની રાષ્ટ્રીય વિમાન સેવા એર ઈન્ડિયા વૈશ્વિક એરલાઇન ગ્રુપ એલાયન્સમાં જોડાઈ. તેની સાથે જ એર ઈન્ડિયા નાગરિક ઉડ્ડયનના સૌથી મોટા વૈશ્વિક કરારમાં જોડનાર પ્રથમ ભારતીય વિમાન વાહક અને ગ્રુપની 27મી સભ્ય એરલાઇન બની ગઈ.
- વૈશ્વિક સૌંદર્ય બ્રાન્ડ નીવિયા 1000 કરોડ રૂપિયાના રોકાણથી ભારતમાં પોતાનો પ્રથમ ઉત્પાદન પ્લાન્ટ સાણંદમાં સ્થાપશે. આ પ્લાન્ટ 72000 ચો. ફૂટના ક્ષેત્રમાં સ્થાપિત થશે જે સાર્ક પ્રદેશમાં નીવિયાનું પ્રથમ સંશોધન અને વિકાસ (R & D) એકમ હશે.

- ✓ ગ્રામીણ ભારતના લગભગ 10 કરોડ ઘરોમાં શૌચાલય નથી જેના માટે સરકારને 2022 સુધી ખુલ્લામાં શૌચક્રિયાનો અંત લાવવા માટે 150000 કરોડ રૂપિયાની જરૂર પડશે. પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગના નિયામક સુજોય મજૂમદારે કહ્યું કે ગ્રામીણ ભારતમાં લગભગ 40 ટકા ઘરોમાં શૌચાલય નથી અને અમારું લક્ષ્ય 2022 સુધી ખુલ્લામાં શૌચનો અંત લાવવાનું છે.
- ✓ ઉપરાષ્ટ્રપતિ હમિદ અન્સારી પંચશીલની 60મી વર્ષગાંઠ મનાવવા પાંચ દિવસના ચીન પ્રવાસ પર. તેઓએ પોતાના સમકક્ષ લી યુઆનચૂ સાથે દ્વિપક્ષીય ચર્ચા કરી. મોદી સરકારના સત્તા સંભાળ્યા પછી કોઈ ભારતીય નેતાની આ પ્રથમ ચીન યાત્રા છે. અન્સારીનો આ પ્રથમ ચીન પ્રવાસ અને 1994 પછી કોઈ ભારતીય ઉપરાષ્ટ્રપતિનો પણ પ્રથમ ચીન પ્રવાસ છે. ઉપરાષ્ટ્રપતિ કે.આર. નારાયણન 1994 માં ચીન પ્રવાસે ગયા હતા.
- ✓ ભારતીય મૂળની વિદ્યાર્થિની પ્રેરણા પાઇ ના બે પ્રયોગોને નાસાએ ક્યુબ્સ ઇન સ્પેસ (CIS) પ્રોગ્રામ અંતર્ગત અવકાશમાં મોકલવાની મંજૂરી આપી. અગિયાર વર્ષની પ્રેરણા પાઇ સાતમા ધોરણની વિદ્યાર્થિની છે. વિદ્યાર્થિનીએ CIS પ્રોગ્રામ હેઠળ બે પ્રયોગ- ટુ સ્ટિક અને નોટ ટુ સ્ટિક તેમજ ટાઈમ એન્ડ પ્રેશર રજૂ કર્યા હતાં.
- ✓ વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજે પોતાના બાંગ્લાદેશી સમકક્ષ અબુલ હસન મહમુદ અલી સાથે જમીન સરહદ કરાર અને પ્રસ્તાવિત (સૂચિત) તીસ્તા નદી પાણીના વહેંચણી કરાર સહિત ઘણા મહત્વના દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી. આ દરમિયાન ભારતીય પક્ષે ગેરકાયદેસર પ્રવાસનો મુદ્દો ઉઠાવ્યો. ભારતના વિદેશ સચિવ સુજાતા સિંહ છે. બાંગ્લાદેશના રાષ્ટ્રપતિ અબ્દુલ હમીદ અને વડાપ્રધાન શેખ હસીના છે.
- ✓ દક્ષિણ એશિયાના વિશાળ મેકોંગ પ્રદેશમાં 367 નવી પ્રજાતિઓની શોધ થઇ.
- ✓ આંધ્રપ્રદેશના નાગારામ ગામમાં ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (GAIL) ની પાઇપ લાઇનમાં વિસ્ફોટ થયો.
- ✓ ભારતીય જજ વી. કે. રાજા સિંગાપુરના 8મા એટર્ની જનરલ બન્યા. સિંગાપુરના રાષ્ટ્રપતિ ટોની ટેન કેંગ યામ છે. વી.કે. રાજાને આગામી ત્રણ વર્ષો માટે લઘુમતીના અધિકારોવાળી રાષ્ટ્રપતિ પરિષદના સભ્ય તરીકે પણ ચૂંટવામાં આવ્યા.



- એ. કે. દુબે ને કોલ ઈન્ડિયા લિમિટેડના નવા અધ્યક્ષ બનાવાયા. આગામી ત્રણ મહિના સુધી પૂર્ણ સમયના અધ્યક્ષની ચૂંટણી સુધી શ્રી દુબે અધ્યક્ષ પદે રહેશે. કંપનીનું મુખ્યાલય કોલકાતામાં છે. આ એક નવરત્ન કંપની છે. આ વિશ્વની સૌથી મોટી કોલસા ઉત્પાદક કંપની છે. ભારતના કોલસા ઉત્પાદનમાં તેની 81% ભાગીદારી છે.
- લદાખ ઇન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ (LIFF) નું ત્રીજું સંસ્કરણ લેહ, જમ્મુ અને કાશ્મીરમાં યોજાયું. તેમાં બોલીવુડની 'કાફિરો કી નમાઝ' (ધ વર્જિન આર્ગ્યુમેન્ટ્સ) ને ચાર અને ઈરાની ફિલ્મ 'વેટ લેટર્સ'ને ત્રણ પુરસ્કાર એનાયત થયા. શ્રેષ્ઠ ફીચર અને શ્રેષ્ઠ પટકથાનો પુરસ્કાર ભારતની ધ વર્જિન આર્ગ્યુમેન્ટ્સ ફિલ્મને મળ્યો.
- જીન- કલૉડ જંકર યુરોપિયન કમિશનના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા. તેઓ નવેમ્બર 2014 થી પોતાનું પદ સંભાળશે. તેઓ જોસ મેન્યુઅલ બારોસો નું સ્થાન લેશે.
- યુનાઇટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઇઝેશને (UNSCO) બાળકોના શિક્ષણ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે રિપોર્ટ રજૂ કર્યો. આ રિપોર્ટ અનુસાર, વિશ્વમાં 6 વર્ષથી 11 વર્ષની ઉંમરના 58 લાખ બાળકો છે જે શાળાએ જતાં નથી.
- યુકેની 'યૉર્ક યુનિવર્સિટી' ના વૈજ્ઞાનિકોએ 'ફેસલોક' ના નામથી એક પાસવર્ડનો એક વિકલ્પ શોધ્યો છે. ફેસલોકની બનાવટ પરિચિત ચહેરાઓના મનોવૈજ્ઞાનિક પરીક્ષણ પર આધારિત છે. તે હેકિંગ કરનારાઓ માટે મુશ્કેલ હશે.
- બોટ્સવાનાનું એકાવાંગો ડેલ્ટા યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટ્સની યાદીમાં 1000મું સ્થળ બન્યું. એકાવાંગો ડેલ્ટા વિશ્વના કેટલાક સૌથી નાશપ્રાય: સસ્તન પ્રજાતિઓમાંથી કેટલાક જેમકે ચિત્તા, સફેદ ગેંડા, આફ્રિકન જંગલી કૂતરા અને વાઘનું રહેઠાણ છે.
- ભારતીય મૂળના મનપ્રીત સિંઘ (ઓસ્ટ્રેલિયા નિવાસી) ને મેલબોર્નમાં આયોજિત એક સમારોહમાં 'આંતરરાષ્ટ્રીય રેડિયો' પુરસ્કારથી સન્માનિત કરાયા. તેમને આ પુરસ્કાર, પરિવાર અને ઘરેલુ હિંસા પર તેમની દસ્તાવેજી ફિલ્મ (ડોકયુમેન્ટરી) 'ધ એનિમી વિદિન' માટે આપવામાં આવ્યો.
- BCCI ના નિલંબિત અધ્યક્ષ એન. શ્રીનિવાસન ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) ના પ્રથમ ચેરમેન નિયુકત. ICC ની 52 સભ્યોની પરિષદે સંસ્થાનાં વહીવટી માળખામાં વિવાદાસ્પદ ફેરફારને મંજૂરી આપી જેના પછી શ્રીનિવાસનને ચેરમેન તરીકે નીમવામાં આવ્યાં. એન. શ્રીનિવાસનને IPL માં સટ્ટાબાજી કેસ પછી સુપ્રીમ કોર્ટે BCCI ના અધ્યક્ષ પદેથી સસ્પેન્ડ કર્યા



www.crackgpsc.com

હતા. AGM માં બાંગ્લાદેશના મુસ્તફા કમાલ ને ICC ના 11મા અધ્યક્ષ તેમજ ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA) ના ચેરમેન વોલી એડ્વર્ડ્ઝ ને ICC એક્ઝિક્યુટિવ કમિટીના પ્રમુખ પદે નામાંકિત કરવામાં આવ્યા. ICC ના માળખામાં પરિવર્તન પછી હવે તેમાં ચેરમેન (પ્રથમ વખત સર્જન) અને અધ્યક્ષ (ચાલી આવતી વ્યવસ્થા) બંને પદ હશે.

- ✓ વિશ્વના પ્રથમ એન્ડ્રોઇડ સમાચાર-વાચકની ટોક્યો (જાપાન) માં નેશનલ મ્યુઝિયમ ઓફ ઇમર્જિંગ સાયન્સ એન્ડ ઇનોવેશનમાં શરૂઆત કરવામાં આવી.
- ✓ કેન્દ્ર સરકારે એન્જીનીયર્સ ઈન્ડિયા લિમિટેડ (EIL) અને નેશનલ બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન લિમિટેડ (NBCC) ને નવરત્નનો દરજ્જો આપ્યો.
- ✓ વિશ્વ બેંકે ભારતમાં ઉર્જા ક્ષેત્રમાં સુધારા પર 'મોર પાવર ટુ ઈન્ડિયા: ધ ચેલેન્જ ઓફ ડિસ્ટ્રિબ્યુશન' રિપોર્ટ રજુ કર્યો. તેમાં ગ્રાહકો સુધી વીજળી વિતરણને આ ક્ષેત્રની સૌથી નબળી કડી બતાવી છે. ભારતમાં વાર્ષિક માથાદીઠ વીજળીની જરૂરિયાત લગભગ 800 કિલોવોટ છે જે વિશ્વમાં સૌથી ઓછી છે. ભારતમાં વ્યાવસાયિક સંસ્થાનોમાં વીજળીનું જોડાણ લેવા માટે 67 દિવસનો સમય લાગે છે. ચીનમાં તે 28 દિવસમાં, થાઈલેન્ડમાં 35 દિવસ અને સિંગાપુરમાં 36 દિવસમાં થઈ જાય છે.
- ✓ ઉત્તરપ્રદેશ સરકારે સ્ટેટ ઇલેક્શન કમિશન (SEC) ની નિવૃત્તિ વય 65 વર્ષથી વધારીને 68 વર્ષ કરી. ઓરિસ્સા સરકારે કર્મચારીઓની નિવૃત્તિ વય 58 વર્ષથી વધારીને 60 વર્ષ કરી.
- ✓ ઈન્ફોસિસના ટોચની કક્ષાના અધિકારી સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને કમ્પ્યુટર તથા કોમ્યુનિકેશન વિભાગના ગ્રુપ હેડ કે. મુરલી કૃષ્ણએ રાજીનામું આપ્યું.
- ✓ અમેરિકન સાંસદોના એક પ્રભાવશાળી જૂથે પોતાના તાજેતરના રિપોર્ટમાં ચાર દેશો ચીન, રશિયા, સ્વિટ્ઝર્લેન્ડ અને ભારતમાં કોપીરાઇટની ચોરી જોખમી સ્તરે પહોંચી જવા માટે ચિંતા વ્યક્ત કરી.
- ✓ અમેરિકન વિદેશ વિભાગે આતંકવાદી સંગઠનોની યાદીમાં જમાત ઉદ દાવા સહિત લશ્કર એ તોયબાથી જોડાયેલા અન્ય ત્રણ જૂથોનો પણ સમાવેશ કરી લીધો છે. વિદેશ વિભાગની તરફથી રજૂ થયેલા નિવેદનમાં જણાવ્યું છે કે આ ચારેય સંગઠન ખરેખર લશ્કર એ તોયબાના જ અલગ-અલગ નામ છે અને પ્રતિબંધોથી બચવા માટે લશ્કર વારંવાર પોતાનું નામ બદલે છે.
- ✓ નાસા (નેશનલ એરોનોટિક્સ એન્ડ સ્પેસ એડમિનિસ્ટ્રેશન) એ એલિયનના જીવનને શોધવા માટે દૂરબીન એટલાસ્ટ (ATLAST- એડવાન્સ ટેકનોલોજી લાર્જ એપર્ચર સ્પેસ ટેલિસ્કોપ)

www.crackgpsc.com

બનાવવાની યોજનાનો પ્રારંભ કર્યો. આ વિશ્વનું સૌથી શક્તિશાળી અને સૌથી મોટું દૂરબીન બનશે. આ દૂરબીન 30 પ્રકાશ વર્ષ દૂર આવેલી પ્રજાતિઓને શોધી શકે એટલું સક્ષમ હશે. આ 2030 સુધી બની જશે એવી શક્યતા છે.




www.crackgpsc.com